RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 040 Dt. 31-08-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT






# ટ્રમ્પનું જગત જમાદારી પણું

## વર્ષ અંતમાં ક્વાડ સમિટ માટે ભારત નહીં આવે : બંને દેશો વચ્ચે સંબંધ વણસ્યો

નવીદિલ્હી, તા. ૩૦

શનિવારે ધ ન્યૂ યોર્ક ટાઈમ્સે દાવો કર્યો હતો કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ વર્ષના અંતમાં ક્વાડ સમિટ માટે ભારત આવવાની યોજના નથી રાખતા. તેમાં વિગતવાર જણાવાયું છે કે છેલ્લા કેટલાક મહિનામાં અમેરિકન નેતા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેના સંબંધો કેવી રીતે ‘‘બગડ્યા‘‘. ’ટ્રમ્પ-મોદી સંબંધો કેવી રીતે બગડ્યા’ શીર્ષકવાળા અહેવાલમાં, ગઢ્ઢ એ ટ્રમ્પ કાર્યક્રમથી પરિચિત લોકોને ટાંકીને કહ્યું હતું કે ‘‘મોદીને ક્વાડ સમિટ માટે આ વર્ષના અંતમાં ભારતની મુલાકાત લેવાનું કહ્યું પછી, ટ્રમ્પ હવે ભારતની મુલાકાત લેવાની યોજના નથી રાખતા.‘‘ ગઢ્ઢ ના દાવા પર અમેરિકા કે ભારત તરફથી કોઈ સત્તાવાર ટિપ્પણી કરવામાં આવી નથી.

અહેવાલ મુજબ, ટ્રમ્પ દ્વારા વારંવાર કહેવામાં આવ્યું હતું કે તેમણે મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના ચાર દિવસના સંઘર્ષનું નિરાકરણ કર્યું છે તે પછી ટ્રમ્પ અને મોદી વચ્ચેના સંબંધો બગડવા લાગ્યા. ભારતે આ દાવાને નકારી કાઢ્યો હતો અને સ્પષ્ટ કર્યું હતું કે યુદ્ધવિરામ ફક્ત ભારત અને પાકિસ્તાન વચ્ચે સીધી વાતચીત દ્વારા જ હતો, તેમાં અમેરિકાની કોઈ ભૂમિકા નહોતી. ૧૭ જૂને, ૠ૭ સમિટમાંથી પાછા ફરતી વખતે, ટ્રમ્પે વડા પ્રધાન મોદી સાથે ૩૫ મિનિટની ફોન વાતચીત કરી હતી. આ દરમિયાન ટ્રમ્પે ફરીથી દાવો કર્યો કે લશ્કરી તણાવ સમાપ્ત કરવાનો શ્રેય તેમને જાય છે અને એમ પણ કહ્યું કે પાકિસ્તાન તેમને નોબેલ શાંતિ પુરસ્કાર માટે નોમિનેટ કરવા જઈ રહ્યું છે.

અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે તેનો પરોક્ષ અર્થ એ હતો કે મોદીએ પણ ટ્રમ્પને નોમિનેટ કરવા જોઈએ. બીજી તરફ, ભારત વારંવાર કહે છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધવિરામમાં અમેરિકાની કોઈ ભૂમિકા નથી. ભારતે ટ્રમ્પના હસ્તક્ષેપને સ્વીકારવાનો પણ ઇનકાર કર્યો છે. અખબારે વધુમાં લખ્યું છે કે મોદી દ્વારા આ પ્રસ્તાવને નકારવાથી અને નોબેલ પુરસ્કારના મુદ્દા પર વાત કરવાનો ઇનકાર કરવાથી બંને નેતાઓ વચ્ચેના સંબંધોમાં તિરાડ વધુ ઘેરી બની. વ્હાઇટ હાઉસે પણ ૧૭ જૂનના કોલ વિશે કોઈ સત્તાવાર માહિતી શેર કરી નથી, જ્યારે ટ્રમ્પે ૧૦ મેથી જાહેર મંચો પર ૪૦ થી વધુ વખત આ દાવાનું પુનરાવર્તન કર્યું છે કે તેમણે ભારત-પાકિસ્તાન સંઘર્ષ બંધ કર્યો હતો.

અહેવાલમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ટ્રમ્પ વહીવટીતંત્રે રશિયન તેલ ખરીદવા માટે ભારત પર વધારાની ૨૫ ટકા ડ્યુટી લાદી હતી. નિષ્ણાતોના મતે, આ પગલું ફક્ત રશિયા વિશે નહોતું, પરંતુ ખાસ કરીને ભારતને નિશાન બનાવવાની વ્યૂહરચનાનો ભાગ હોવાનું જણાય છે. ગઢ્ઢ એ એવો પણ દાવો કર્યો હતો કે ‘‘ટેરિફ વાટાઘાટોથી હતાશ‘‘ ટ્રમ્પે મોદીનો ઘણી વખત સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતીય વડા પ્રધાને તેમની વિનંતીઓનો જવાબ આપ્યો ન હતો. ટેરિફને લઈને ભારત અને અમેરિકા વચ્ચે ઉગ્ર યુદ્ધ ચાલી રહ્યું છે. અમેરિકા દ્વારા ટેરિફ લાદવામાં આવ્યા પછી, ભારતે વૈકલ્પિક બજારો શોધવાનું શરૂ કર્યું છે.

# ‘આયોજિત વિક્ષેપો’ લોકશાહી માટે સારા સંકેત નથી : ઓમ બિરલા

## ગૃહમાં વ્યાપક ચર્ચા-સંવાદ થાય પછી ભલે તે પ્રશ્નકાળ હોય, રાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા હોય કે કાયદો બનાવવાની પ્રક્રિયા હોય

નવીદિલ્હી, તા. ૩૦

તાજેતરના ચોમાસુ સત્ર દરમિયાન લોકસભામાં વારંવાર થયેલા વિક્ષેપો પર નારાજગી વ્યક્ત કરતા, સ્પીકર ઓમ બિરલાએ શનિવારે ભુવનેશ્વરમાં કહ્યું હતું કે ‘‘આયોજિત વિક્ષેપો‘‘ લોકશાહી માટે સારા સંકેત નથી. સંસદ અને રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ વિધાનસભાઓની અનુસૂચિત જાતિ અને જનજાતિ કલ્યાણ સમિતિઓના બે દિવસીય રાષ્ટ્રીય પરિષદના સમાપન પર પત્રકાર પરિષદને સંબોધતા, ઓમ બિરલાએ કહ્યું, ‘‘પછી તે સંસદ હોય કે રાજ્ય વિધાનસભા, આ ગૃહો ચર્ચા અને સંવાદ માટે છે. સર્વસંમતિ અને અસંમતિ - આ હંમેશા આપણા લોકશાહીની તાકાત રહી છે.‘‘ લોકસભા અધ્યક્ષ હોય કે રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ, તેમનો પ્રયાસ હંમેશા એ સુનિશ્ચિત કરવાનો હોય છે કે ગૃહમાં વ્યાપક ચર્ચા અને સંવાદ થાય - પછી ભલે તે પ્રશ્નકાળ હોય, રાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા હોય કે કાયદો બનાવવાની પ્રક્રિયા હોય,‘‘ તેમણે કહ્યું.



જોકે, તે ખરેખર આપણા બધા માટે ચિંતાનો વિષય છે, અને સમય સમય પર, લોકસભા, રાજ્યસભા અને રાજ્ય વિધાનસભાઓના સત્રો દરમિયાન, ગૃહોની અંદર સતત સુનિયોજિત વિક્ષેપો એક પ્રથા બની ગઈ છે. મેં અગાઉ પણ કહ્યું છે કે સુનિયોજિત વિક્ષેપો લોકશાહી માટે સારા નથી. બે વાર લોકસભા અધ્યક્ષ રહી ચૂકેલા શ્રી સિંહે કહ્યું કે લોકો આશાઓ અને આકાંક્ષાઓ સાથે તેમના પ્રતિનિધિઓને ચૂંટે છે. ‘‘તેઓ ઇચ્છે છે કે તેમના પ્રતિનિધિઓ તેમના વિસ્તારની સમસ્યાઓ અને વિકાસના મુદ્દાઓ ઉઠાવે. સરકારનું ધ્યાન ગૃહ દ્વારા દોરવામાં આવે છે જેથી લોકોને સામનો કરવામાં આવતી મુશ્કેલીઓ અને પડકારોનો સામનો કરી શકાય અને તેમનું જીવન સરળ બનાવી શકાય. તેથી મારો સતત પ્રયાસ રહ્યો છે કે કોઈ વિક્ષેપો અને સૂત્રોચ્ચાર ન થાય. વિક્ષેપો લોકશાહીની પરંપરા ન બનવી જોઈએ. જનપ્રતિનિધિઓ તરીકે, આપણું વર્તન અને વર્તન એવું હોવું જોઈએ કે દેશના લોકો આપણી પાસેથી માર્ગદર્શન લે. તેઓ આપણી પાસેથી નેતૃત્વની અપેક્ષા રાખે છે. તેથી, આપણી ભાષા, આપણું વાણી, આપણું વર્તન ગૃહની અંદર અને બહાર શિષ્ટ હોવું જોઈએ. વિક્ષેપ લોકશાહીની પરંપરા ન બનવો જોઈએ. જનપ્રતિનિધિ તરીકે, આપણું આચરણ અને વર્તન એવું હોવું જોઈએ કે દેશના લોકો આપણી પાસેથી માર્ગદર્શન લે. તેઓ આપણી પાસેથી નેતૃત્વની અપેક્ષા રાખે છે. તેથી, આપણી ભાષા, આપણું વાણી, આપણું વર્તન ગૃહની અંદર અને બહાર શિષ્ટ હોવું જોઈએ.

# રાજકોટની કમનસીબી કે જન્મના દાખલા માટે પણ જોવી પડે છે રાહ : ઇટાલિયા

## વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ રાજકોટના ઉપલાકાંઠા વિસ્તારમાં સંબોધી જાહેર સભા ભાજપ પર કર્યા શાબ્દિક પ્રહારો




રાજકોટ, તા. ૩૦

આમ આદમી પાર્ટી દ્વારા હાલ સમગ્ર રાજ્યમાં એક અલગ છબી ઊભી કરવામાં આવી રહી છે અને સતત ભાજપ પર શાબ્દિક પ્રહારો કરવામાં આવી રહ્યા છે ત્યારે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયા ગઈકાલે રાજકોટ ખાતે આવી પહોંચ્યા હતા અને જાહેર સભા સંબોધી હતી જેમાં તેઓએ કહ્યું કે ભૂતકાળમાં કહેવાતું કે સામા પ્રવાહે ન ચલાય રાજકારણમાં જવું હોય તો ભાજપમાં જવાય અથવા તો કોંગ્રેસમાં પરંતુ તે સમયે લીધેલી શીખ બાદ આજે એ જ સ્વજનો કહે છે કે આમ આદમી પાર્ટી છે કામ કરી શકે તે અન્ય કોઈ ન કરી શકે. ભગવાને પણ પક્ષની કામગીરી જોઈ અને વિસાવદરથી તેઓને છૂટી ધારાસભ્ય બનાવ્યા.

ગોપાલભાઈ ઇટાલીયા જણાવ્યું હતું કે રાજકારણમાં કોઈ લોકોને રસ નથી કોણ ધારાસભ્ય બને તેનાથી પણ તેઓને કોઈ પક્ષપાત નથી માત્ર કામગીરી શું થાય છે તે મહત્વની છે જેમાં ભાજપ પક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ નીકળ્યું છે. વધુમાં તેઓએ કહ્યું કે ૩૦ વર્ષથી બનેલી ભાજપ સરકાર લોકોના પ્રશ્નો નિવારવા માટે નહીં પરંતુ પોતાના ઘર સાજા કરવામાં માને છે. સાથો સાથ તેઓએ જણાવ્યું કે પ્રજા તો ઠીક પરંતુ પક્ષના કાર્યકરોને બોલવા દેવામાં આવતા નથી. તે ખરા અર્થમાં રાજકારણની કરુણતા છે.

વધુમાં ગોપાલ ઇટાલીયા જણાવ્યું હતું કે હાલ સરકારી તંત્ર જે રીતે કામ કરે છે તેનાથી લોકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને આશ્ચર્યની વાત તો એ છે કે જન્મનો દાખલો કઢાવવા માટે પણ સરકારી કચેરીમાં ધક્કા ખાવા પડે છે આ કેવું રાજકારણ ? છતાં પણ જો ભાજપ સમક્ષ કે ભાજપ સામે કોઈ વ્યક્તિ બોલે તો તેની સામે ખોટા કેસ કરી દેવામાં આવે છે અને હર હંમેશ તેને ડરાવવામાં આવતો હોય છે પરંતુ આ ગોપાલ ઇટાલીયા વિસાવદરના માવતરના આશીર્વાદથી આગળ આવ્યો છે જેથી તેને દબાવવાની કોઈની તાકાત નથી તેઓ હુંકાર પણ ગોપાલ ઇટાલીયાએ જાહેર સભા દરમિયાન કર્યો હતો.

વધુમાં તેઓએ જણાવ્યું કે ભાજપ ધારાસભ્ય તોડવાનું કામ કરે છે ત્યારે હવે સમય આવી ગયો છે યોગ્ય નિર્ણય લેવાનો એટલું જ નહીં તેઓએ લોકોને પણ પ્રશ્ન પૂછ્યો કે હાલ રાજકોટમાં સૌથી વિકરાળ સમસ્યા હોય તો તે કચરાની છે, પીવાના પાણીની છે અને રોડ રસ્તાની છે આ વિકટ સમસ્યા હોવા છતાં પણ લોકો શું કામચૂક છે વાત ત્યાં જ પૂરી થતી નથી ભાજપના કદાવર નેતાઓ આગેવાનો પણ આ અંગે કોઈપણ ચર્ચા કરી શકતા નથી કારણકે તેઓએ તેમની સીટ બચાવી છે કારણ કે ભાજપ સામે બોલવામાં આવે તો તેમની સીટ જતી રહે છે તેઓ આક્ષેપ ગોપાલ ઇટાલીયા દ્વારા કરવામાં આવ્યો હતો.

સાથોસાથ તેઓએ જણાવ્યું કે શિક્ષા માટે પીવાના પાણી માટે અને રોડ રસ્તા માટે લોકોએ આંદોલન કરવા પડે છે તો આ વાત કેટલા અંશે વ્યાજબી છે. ભાજપની સરકાર ૩૦ વર્ષથી કાર્યરત છે અને તે માત્ર મૂર્ખ બનાવવા માટે જ કામ કરતી હોય તો પણ નવાઈ નહીં ત્યારે તેઓએ જાહેર મંચ ઉપરથી ભાજપના આગેવાનોને તથા સત્તાધિશોને પડકાર ફેંકતા કહ્યું કે ભાજપનો કોઈપણ વ્યક્તિ ૩૫ મિનિટ ભાષણ કરે અને તેમાં ન તો પક્ષનું નામ ન તો વડાપ્રધાન નું નામ ન હતો ગૃહ મંત્રીનું નામ લીયે અને પ્રજાના પ્રશ્નોની ચર્ચા કરે તો તે ખરા અર્થમાં નેતા કહી શકાય. અંતમાં તેઓએ જણાવ્યું કે રાજકોટની કરુણતા તો એ છે કે ભાજપના નેતા જ બોલતા નથી ત્યારે તેઓએ રાજકોટની જનતાને આમ આદમી પાર્ટી માટે એક તક આપવાની માંગણી અને ગુહાર પણ લગાવી હતી.

### ભાજપ કોઈપણ વ્યક્તિના ખીસામાં ૫,૦૦૦ મૂકે એટલે એ વ્યક્તિ પ્રશ્ન પૂછવા આવી જાય

ચાલુ જાહેર સભામાં એક અજાણ્યા વ્યક્તિએ ગોપાલ ઇટાલીયા ને પ્રશ્ન પૂછ્યો કે તમે રાજકોટમાં ખાડા છે તેવું કહો છો તો પંજાબમાં તો આમ આદમી પાર્ટીની સરકાર છે ત્યાં ખાડા તમને નથી દેખાતા આ વાતના જવાબમાં ગોપાલ ઇટાલીયા એ કહ્યું કે ભાજપ કોઈપણ વ્યક્તિના ખીચામાં ૫૦૦૦ રૂપિયા મૂકે એટલે એ વ્યક્તિ પ્રશ્ન પૂછવા આવી જાય ખરા અર્થમાં જે તે વ્યક્તિએ સીઆર પાટીલ કે ભાજપના કદાવર નેતાને પ્રશ્ન પૂછવા જોઈ જો એ પ્રશ્ન પૂછે તો એ વ્યક્તિને ગોપાલ ઇટાલીયા સામા ૧૦,૦૦૦ રૂપિયા આપશે તેવું જણાવ્યું હતું.

# સહયોગ આપવાની ભારતની ઝેલેન્સકીને હૈયાધારણા

## વડાપ્રધાન મોદી અને યુક્રેનના રાષ્ટ્રપતિએ કરી ટેલીફોનિક વાતચીત સમગ્ર ઘટનાક્રમ અંગે મોદીને કરાયા માહિતગાર



નવીદિલ્હી, તા. ૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ ફોન કર્યો હતો અને યુક્રેન સંબંધિત તાજેતરના વિકાસ પર પોતાના વિચારો શેર કર્યા હતા. પ્રધાનમંત્રી કાર્યાલયે આ માહિતી આપી છે. પીએમઓએ જણાવ્યું હતું કે, ‘‘પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ યુક્રેન સંબંધિત તાજેતરના વિકાસ પર પોતાના વિચારો શેર કર્યા હતા. પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ ઝેલેન્સકીનો આભાર માન્યો હતો અને સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ અને શાંતિની વહેલી પુનઃસ્થાપના માટેના પ્રયાસો પ્રત્યે ભારતના મક્કમ અને સુસંગત વલણને પુનઃપુષ્ટિ આપી હતી. પ્રધાનમંત્રીએ આ સંદર્ભમાં તમામ શક્ય સહયોગ પૂરો પાડવાની ભારતની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરી હતી.‘‘

પીએમ મોદીએ ઠ હેન્ડલ પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, ‘‘આજે ફોન પર વાત કરવા બદલ રાષ્ટ્રપતિ ઝેલેન્સકીનો આભાર. અમે ચાલુ સંઘર્ષ, તેના માનવતાવાદી પાસાં અને શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો પર વિચારોનું આદાનપ્રદાન કર્યું. ભારત આ દિશામાં તમામ પ્રયાસોને સંપૂર્ણ સમર્થન આપે છે.‘‘ ઝેલેન્સકીએ ઠ હેન્ડલ પર પોસ્ટ કરીને કહ્યું, ‘‘મેં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી. મેં તેમને વોશિંગ્ટનમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેની વાતચીત વિશે જણાવ્યું, જેમાં યુરોપિયન નેતાઓ પણ હાજર રહ્યા હતા. તે એક ઉપયોગી અને મહત્વપૂર્ણ વાતચીત હતી, જેમાં ભાગીદારો વચ્ચે વાસ્તવિક શાંતિ કેવી રીતે પ્રાપ્ત કરવી તે અંગે એક સામાન્ય દ્રષ્ટિકોણ પ્રગટ થયો. યુક્રેને રશિયાના વડા સાથે મુલાકાત માટે તેની તૈયારીનો પુનરોચ્ચાર કર્યો. લગભગ બે અઠવાડિયા વીતી ગયા છે, અને આ સમય દરમિયાન, જ્યારે રશિયાએ રાજદ્વારી તૈયારી કરવી જોઈતી હતી, ત્યારે મોસ્કોએ કોઈ સકારાત્મક સંકેતો આપ્યા નથી - ફક્ત નાગરિક લક્ષ્યો પર નિંદાત્મક હુમલાઓ અને આપણા ડઝનબંધ લોકોની હત્યા. હું પીડિતોના પરિવારો અને પ્રિયજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા બદલ વડા પ્રધાનનો આભાર માનું છું.‘‘ ઝેલેન્સકીએ કહ્યું, ‘‘શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટ પહેલા, અમે અમારા વલણ પર સંમત થયા હતા. આ યુદ્ધ તાત્કાલિક યુદ્ધવિરામ અને જરૂરી શાંતિ સાથે સમાપ્ત થવું જોઈએ. દરેક વ્યક્તિ આ વલણને સમજે છે અને તેનું સમર્થન કરે છે. જ્યારે આપણા શહેરો અને સમુદાયો સતત ગોળીબાર હેઠળ હોય ત્યારે શાંતિ વિશે અર્થપૂર્ણ વાત કરવી અશક્ય છે. ભારત જરૂરી પ્રયાસો કરવા અને સમિટની બાજુમાં બેઠકો દરમિયાન રશિયા અને અન્ય નેતાઓને યોગ્ય સંકેતો મોકલવા માટે તૈયાર છે. આભાર. અમે અમારા દ્વિપક્ષીય સંબંધો, મુલાકાતોના આદાનપ્રદાન માટેની તૈયારીઓ અને સંયુક્ત આંતર-સરકારી કમિશનની બેઠક યોજવા અંગે પણ ચર્ચા કરી. આમાં એવી સંભાવનાઓ છે જેનો આપણે અહેસાસ કરી શકીએ છીએ. નજીકના ભવિષ્યમાં મને વડા પ્રધાનને મળીને આનંદ થશે.‘‘



સ્વાસ્થ્ય, શાંતિ, જ્ઞાન, સમૃદ્ધિ અને આધ્યાત્મિક વિકાસને પ્રદાન કરતું કલ્પવૃક્ષ એટલે 'યોગ'

# વિકસિત ભારત-૨૦૪૭નો આધારસ્તંભ બનશે 'યોગ'

## યોગ-પ્રાણાયામના નિયમિત અભ્યાસથી વિદ્યાર્થીઓનું મન સ્થિર, યાદશક્તિ વધે અને એકાગ્રતાનો વિકાસ થાય

રાજકોટ, તા. ૩૦

આપણો દેશ આગામી વર્ષ ૨૦૪૭માં સ્વતંત્રતાનાં ૧૦૦ વર્ષ પૂર્ણ કરશે. આ ગૌરવશાળી પ્રસંગને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ''વિકસિત ભારત૨૦૪૭''નું એક ભવ્ય વિઝન નિર્ધારિત કર્યું છે. આ વિઝનને પરિપૂર્ણ કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર આરોગ્ય, શિક્ષણ, કૃષિ, ઔદ્યોગિક જેવા વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી રહી છે. જેમાં 'યોગ' પર સરકારે વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આજે જો રાજ્ય અને દેશને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જવું હોય તો 'યોગ' તેનો સૌથી મજબૂત આધારસ્તંભ બની શકે છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા દરવર્ષે તા. ૨૧ જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે મનાવવામાં આવે છે. જેના પરિણામે આજે વિશ્વના લગભગ તમામ દેશોમાં 'યોગ' ને અપનાવવામાં આવ્યો છે. 'યોગ' માત્ર શારીરિક વ્યાયામ નથી, પરંતુ એક સર્વાંગી જીવનપદ્ધતિ છે. વ્યક્તિગત સ્વાસ્થ્યથી લઈને રાષ્ટ્રીય અર્થતંત્ર સુધી અને સમાજમાં શાંતિથી લઈને વિશ્વમાં આધ્યાત્મિક નેતૃત્વ સુધી 'યોગ' દરેક ક્ષેત્રમાં સકારાત્મક પ્રભાવ પાડી શકે છે. 'યોગ' એ એક કલ્પવૃક્ષ છે, જે આપણને સ્વાસ્થ્ય, શાંતિ, જ્ઞાન, સમૃદ્ધિ અને આધ્યાત્મિક વિકાસ - બધું જ પ્રદાન કરે છે.

### આરોગ્યમાં ક્રાંતિ

આજે આપણા દેશના નાગરિકોની તંદુરસ્તી અર્થે આરોગ્ય વિભાગ દ્વારા નોંધપાત્ર રકમ ફાળવવામાં આવે છે. ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, હૃદયરોગ, થાઈરોઈડ, કેન્સર જેવી જીવનશૈલી સંબંધિત બિમારીઓ પર કરોડોનો ખર્ચ થાય છે. આ રોગોનું મૂળ કારણ અસંતુલિત જીવનશૈલી, અનિયમિત આહારપદ્ધતિ અને સતત વધતો તણાવ છે. જો દેશનો દરેક નાગરિક રોજિંદા જીવનમાં 'યોગ'ને અપનાવે તો આ રોગોમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. નિયમિત 'યોગ' કરવાથી શરીર મજબૂત બનશે, મન શાંત રહેશે અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો થશે. જેના પરિણામે હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા ઘટશે, દવાઓ પરનો ખર્ચ ઓછો થશે અને સરકારનું આરોગ્ય બજેટ અન્ય વિકાસ કાર્યોમાં વાપરી શકાશે.

### શિક્ષણમાં ગુણવત્તા

વિદ્યાર્થીઓ એ રાષ્ટ્રનું ભવિષ્ય છે. આજના યુગમાં સોશિયલ મીડિયા, મોબાઈલની લત અને સ્પર્ધાત્મક દબાણને કારણે એકાગ્રતા ઘટી રહી છે. ઘણા વિદ્યાર્થીઓ ચિંતાથી પીડાઈ રહ્યા છે. 'યોગ' અને 'પ્રાણાયામ'ના નિયમિત અભ્યાસથી વિદ્યાર્થીઓનું મન સ્થિર બને છે, યાદશક્તિ વધે છે અને એકાગ્રતાનો વિકાસ થાય છે. આમ, શિક્ષણનું પ્રમાણ અને ગુણવત્તા બંને ઉચ્ચ સ્તર સુધી પહોંચી શકશે તેમજ વધારે પ્રમાણમાં સંશોધન, નવું જ્ઞાન તથા નવી શોધો થશે. જે દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરશે.

### ઉત્પાદન અને અર્થતંત્રમાં વધારો

ઉદ્યોગો અને કારખાનાઓની સાચી તાકાત તેમના કામદારોમાં છે. જો કર્મચારી તંદુરસ્ત હશે તો ઉત્પાદન ક્ષમતા અનેકગણી વધી જશે. 'યોગ' કર્મચારીઓને શારીરિક રીતે સુદૃઢ બનાવે છે અને માનસિક સ્થિરતા આપે છે. નિયમિત 'યોગ' કરનાર કર્મચારી ઓછા બીમાર પડે છે, જેથી આરોગ્ય રજામાં ઘટાડો થાય છે. તદુપરાંત કાર્યસ્થળ પર શિસ્ત, ઉત્સાહ અને ટીમ વર્ક વધે છે. જેના પરિણામે ઉદ્યોગોમાં ઉત્પાદન અને નિકાસમાં વધારો થાય છે તથા દેશનું અર્થતંત્ર વધુ મજબૂત બને છે.

### સમાજમાં સુખ-શાંતિ

આજે સમાજમાં વધી રહેલી હિંસા, અપરાધ અને તણાવનું મૂળ કારણ મનનું અસંતુલન છે. 'યોગ' મનને શાંતિ આપે છે, વિચારશક્તિને સ્પષ્ટ કરે છે તેમજ વ્યક્તિને ધૈર્યવાન બનાવે છે. જો યુવાનો 'યોગ'ને જીવનમાં અપનાવે, તો તેઓ નશાખોરી, ગુનાઓ અને હતાશાથી દૂર રહી શકે છે. 'યોગ' વ્યક્તિને પ્રતિક્રિયા આપવાને બદલે સમજદારીપૂર્વક જવાબ આપવાનું શીખવે છે, જેથી કુટુંબમાં સુખ-શાંતિ વધે છે અને સમાજમાં એકતા મજબૂત બને છે. 'યોગ' માત્ર વ્યક્તિગત જ નહીં, પરંતુ સામાજિક પરિવર્તન લાવવાનો પણ શ્રેષ્ઠ માર્ગ છે.

### આધ્યાત્મિક ઉન્નતિ

ભારત હંમેશા વિશ્વને આધ્યાત્મિકતા આપનાર દેશ રહ્યો છે. આજના સમયમાં જ્યારે વિશ્વ તણાવ, યુદ્ધ, પર્યાવરણ સંકટ અને અસંતોષનો સામનો કરી રહ્યું છે, ત્યારે ભારત પાસે વિશ્વને સાચો માર્ગ બતાવવાની તક છે. 'યોગ' દ્વારા આત્મજાગૃતિ પ્રાપ્ત થાય છે. આંતરિક શાંતિ, પ્રેમ અને કરૂણા જાગૃત થાય છે. જો ભારતના કરોડો નાગરિકો 'યોગ'થી પ્રેરિત થશે, તો ભારત ''વિશ્વગુરુ'' તરીકે ઉભરી આવશે અને સમગ્ર માનવજાતને માર્ગદર્શન આપનાર દેશ બનશે. આવો, આપણે સૌ સાથે મળીને 'યોગ'ને જીવનશૈલી બનાવીએ, આરોગ્યને તંદુરસ્ત બનાવીએ, શિક્ષણ અને અર્થતંત્રને આગળ ધપાવીએ તેમજ સમાજમાં સુખ-શાંતિ સ્થાપીને ભારતને વિશ્વનો સાચો માર્ગદર્શક બનાવવા ગુજરાત રાજ્ય યોગ બોર્ડે સર્વે નાગરિકોને આહ્વાન કર્યું છે.

---

જુલાઇમાં યુક્રેને ભારત પાસેથી સૌથી વધુ ડીઝલ ખરીદ્યું
યુક્રેનમાં ડીઝલનું દૈનિક શિપમેન્ટ સરેરાશ ૨,૭૦૦ ટન જોવા મળ્યું

# ભારતના ડીઝલ પર યુક્રેનનું અર્થતંત્ર નિર્ભર



નવીદિલ્હી, તા..૩૦

યુક્રેનને રશિયાથી બચાવવા માટે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયન તેલ ખરીદવા બદલ દંડ તરીકે ભારત પર ૨૫ ટકાનો વધારાનો ટેરિફ લાદ્યો છે. જે પછી ભારત પર કુલ ટેરિફ ૫૦ ટકા થઈ ગયો છે. તે જ યુક્રેન ભારતના ડીઝલને કારણે આગળ વધી રહ્યું છે. જુલાઈ મહિનામાં, યુક્રેને ભારત પાસેથી સૌથી વધુ ડીઝલ ખરીદ્યું છે. જો આપણે આંકડાઓ પર નજર કરીએ તો, જુલાઈ ૨૦૨૫ સુધીમાં, ભારત અન્ય સપ્લાયર્સને પાછળ છોડીને યુક્રેનનો ડીઝલનો સૌથી મોટો સ્રોત બની ગયો છે. જેનો આયાતમાં ૧૫.૫ ટકા હિસ્સો છે. યુક્રેનિયન ઓઇલ માર્કેટ એનાલિટિક્સ ફર્મ નાફ્ટોરિનોક અનુસાર, ભારતથી યુક્રેનમાં ડીઝલનું દૈનિક શિપમેન્ટ સરેરાશ ૨,૭૦૦ ટન જોવા મળ્યું હતું, જે આ વર્ષે ભારતના સૌથી વધુ નિકાસ આંકડાઓમાંનો એક છે. ખાસ વાત એ છે કે લગભગ એક વર્ષ પહેલા એટલે કે જુલાઈ ૨૦૨૪ માં, ભારત યુક્રેનની ડીઝલ જરૂરિયાતના માત્ર ૧.૯ ટકા સપ્લાય કરતું હતું.

ભારતમાંથી યુક્રેનના ડીઝલ આયાતના આંકડા એવા સમયે આવ્યા છે જ્યારે ભારત અને અમેરિકા વચ્ચે ઘણો વેપાર તણાવ છે. વોશિંગ્ટને તાજેતરમાં ભારતીય માલ પર ૫૦ ટકાનો મોટો ટેરિફ લાદ્યો છે, જેમાં નવી દિલ્હી દ્વારા રશિયન તેલની ખરીદી ચાલુ રાખવાનો ઉલ્લેખ છે. અમેરિકા ભારત પર યુક્રેનમાં રશિયન રક્તપાતને મદદ કરવાનો આરોપ લગાવે છે. ભારત રશિયા પાસેથી સસ્તા દરે ક્રૂડ તેલ ખરીદે છે અને તેને ઊંચા ભાવે વિશ્વને વેચે છે. રશિયાને જે ડોલર આપે છે તે જ ડોલર રશિયન યુદ્ધ મશીનને બળતણ આપી રહ્યા છે. તેનાથી વિપરીત, ભારત હવે યુક્રેનને ડીઝલનો સૌથી મોટો સપ્લાયર બની ગયો છે, જોકે રશિયા સાથે ભારતના ખૂબ સારા સંબંધો છે.

ભારતીય મૂળનું ડીઝલ અનેક ચેનલો દ્વારા યુક્રેન પહોંચી રહ્યું છે. તેનો મોટો હિસ્સો ડેન્યુબ નદી દ્વારા રોમાનિયાથી ટેન્કરો દ્વારા પરિવહન કરવામાં આવે છે. વધુમાં, માલનું પરિવહન તુર્કીના મારમારા એરેગલિસી બંદર પર ઘડઊઝ ટર્મિનલ દ્વારા કરવામાં આવે છે, જે આંશિક પ્રતિબંધો છતાં કાર્યરત છે. આ માર્ગોએ ભારતને જટિલ ભૂરાજકીય પરિસ્થિતિઓમાં પણ વિશ્વસનીય સપ્લાયર તરીકે સ્થાપિત કરવામાં મદદ કરી છે.

### ૨૦૨૫માં હિસ્સો વધતો ગયો

જાન્યુઆરીથી જુલાઈ ૨૦૨૫ સુધીમાં, ભારતે યુક્રેનની ડીઝલ આયાતમાં ૧૦.૨ ટકાનો સપ્લાય કર્યો, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૧.૯ ટકા હતો તેનાથી પાંચ ગણો વધારે છે. જોકે ભારતનો હિસ્સો હવે ઘણા યુરોપિયન ભાગીદારો કરતા વધારે છે, તેમ છતાં તેની ભૌતિક નિકાસ હજુ પણ ગ્રીસ અને તુર્કીથી પાછળ છે. તેમ છતાં, જુલાઈના આંકડા ભારતને પ્રમાણસર દ્રષ્ટિએ બધા સ્પર્ધકો કરતા આગળ રાખે છે.

### જુલાઈ આયાત માળખું

જુલાઈમાં ભારત ટોચના ક્રમે હોવા છતાં, અન્ય સપ્લાયર્સ પણ યુક્રેન માટે મહત્વપૂર્ણ છે. ગ્રીસ અને તુર્કીમાંથી ડીઝલનો પુરવઠો નોંધપાત્ર હતો, જોકે સ્લોવાકિયાનો પુરવઠો બંને કરતા આગળ હતો. પોલેન્ડ અને લિથુઆનિયાના ઓર્લેન ગ્રુપમાંથી પુરવઠો કુલ આયાતમાં લગભગ ૨૦ ટકા હિસ્સો ધરાવે છે. દરમિયાન, પોલેન્ડ અને ડેનમાર્ક દ્વારા પ્રેમની સુવિધાઓમાંથી સ્વીડિશ નિકાસ રશિયન આક્રમણની શરૂઆતથી રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે, જે જુલાઈની આયાતના ૪ ટકાનો હિસ્સો ધરાવે છે.

### બંને દેશોનો દ્વિપક્ષીય વેપાર કેવો છે

ભારત અને યુક્રેન વચ્ચે દ્વિપક્ષીય વેપારમાં સતત વધારો જોવા મળ્યો છે. જે ૨૦૧૯-૨૦માં ဝજ ૨.૭૬ બિલિયનથી વધીને ૨૦૨૧-૨૨માં ဝજ ૩.૩૯ બિલિયનની ટોચ પર પહોંચ્યો હતો. જોકે, રશિયા-યુક્રેન યુદ્ધને કારણે ૨૦૨૨-૨૩માં આ વૃદ્ધિ પર તીવ્ર અસર પડી હતી, જેના કારણે કાર્ગો અવરજવરમાં ગંભીર લોજિસ્ટિકલ વિક્ષેપો સર્જાયા હતા, જેના કારણે વેપારમાં ઘટાડો થયો હતો અને વેપારનો આંકડો ဝજ ૭૮૨.૯૪ મિલિયન થઈ ગયો હતો. આનો અર્થ એ થયો કે પાછલા નાણાકીય વર્ષની સરખામણીમાં ૭૭ ટકાનો ઘટાડો થયો હતો.

---

# બે વર્ષમાં પ્રમાણિત બિયારણના ઉત્પાદન અને વેચાણમાં અભૂતપૂર્વ વધારો

## ૧.૩૦ લાખ ક્વિન્ટલના વધારા સાથે ૩.૬૮ લાખ ક્વિન્ટલ પ્રમાણિત બિયારણનું ઉત્પાદન
## વર્ષ ૨૦૩૦ સુધીમાં વાર્ષિક ૪ લાખ ક્વિન્ટલ બિયારણ ખેડૂતોને વિતરણ કરવાનો લક્ષ્યાંક

ગાંધીનગર , તા. ૩૦

ગુજરાતીમાં એક કહેવત છે કે જેની દાળ બગડી એનો દિવસ બગડ્યો અને જેનું અથાણું બગડ્યું એમનું વર્ષ બગડ્યું. તેવી જ રીતે, કૃષિ ક્ષેત્રમાં પણ કહી શકાય કે, 'જેનું બિયારણ નબળું, એ ખેડૂતનું આખું વર્ષ નબળું'. કારણ કે, કોઇપણ પાકના ઉત્પાદનમાં ગુણવત્તાયુક્ત બીજવારો (બિયારણ) સૌથી પાયાનું અને મહત્વપૂર્ણ ઘટક હોય છે. જો બીજ જ ઉત્તમ ન હોય, તો જમીન, પાણી, ખાતર અને ખેડૂતની મહેનત જેવા બધા જ પરિબળો નિરર્થક સાબિત થાય છે. ગુણવત્તાયુક્ત બિયારણ ખેતી ખર્ચ ઘટાડીને અને ઉત્પાદન વધારીને ખેડૂતોની આર્થિક સ્થિતિને મજબૂત બનાવે છે.

ગુજરાતના ખેડૂતોને ગુણવત્તાસભર અને પ્રમાણિત બિયારણ પૂરું પાડીને તેમની આવક વધારવાના શુભ આશય સાથે ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ઉચ્ચ ગુણવત્તા ધરાવતા બિયારણનું ઉત્પાદન અને વિતરણ કરવામાં આવે છે. બીજ નિગમ દ્વારા રાજ્યના છેવાડાના ખેડૂતો સુધી સમયસર, યોગ્ય અને ઉચ્ચ ગુણવત્તા ધરાવતું બિયારણ વ્યાજબી ભાવે ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. બીજ નિગમ દ્વારા ગત વર્ષે કુલ ૩.૬૮ લાખ ક્વિન્ટલ પ્રમાણિત બિયારણનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું. જેની સામે ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં આશરે ૩.૪૦ લાખ ક્વિન્ટલ બિયારણ ખેડૂતોને વિતરણ કરવામાં આવશે.

આ અંગે વિગતો આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, બીજ નિગમ દ્વારા ઘઉં, ડાંગર, મગફળી, હા.દિવેલા, સોયાબીન, ચણા, મગ અને જીરૂ સહિત કુલ ૨૪ મુખ્ય પાકોની અંદાજે ૧૨૫થી વધુ જાતોના ગુણવત્તાયુક્ત બિયારણોનું ઉત્પાદન સહ વેચાણ કરવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ છેલ્લા ત્રણ વર્ષથી બીજ નિગમ દ્વારા બિયારણનું ઉત્પાદન અને વેચાણ સતત વધી રહ્યું છે. નિગમ દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં ૩.૭૫ લાખ ક્વિન્ટલ બીજ ઉત્પાદનનું તેમજ વર્ષ ૨૦૩૦ સુધીમાં વાર્ષિક ૪ લાખ ક્વિન્ટલથી વધુ બીજ વિતરણ કરવાનું આયોજન કર્યું છે.

કૃષિ મંત્રીએ ઉમેર્યું હતું કે, બીજ નિગમ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨.૩૮ લાખ ક્વિન્ટલ બિયારણના ઉત્પાદન સામે ગત વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૩.૬૮ લાખ ક્વિન્ટલ બિયારણનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું. એટલે કે, માત્ર બે જ વર્ષમાં બિયારણના ઉત્પાદનમાં ૧.૩૦ લાખ ક્વિન્ટલ વધારો જોવા મળ્યો છે. તેવી જ રીતે, વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨.૪૯ લાખ ક્વિન્ટલ બિયારણના વિતરણ સામે ગત વર્ષ ૨૦૨૪-૨૫માં ૨.૯૭ લાખ ક્વિન્ટલ બિયારણનું વેચાણ કરવામાં આવ્યું હતું. એમાં પણ, માત્ર બે જ વર્ષમાં ૪૮,૦૦૦ ક્વિન્ટલનો વધારો જોવા મળ્યો છે. આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે, બીજ નિગમ સતત પોતાનું કાર્યક્ષેત્ર અને ઉત્પાદન ક્ષમતા વધારી રહ્યું છે.



### રાજ્ય સરકારની ભૂમિકા

- **ગુણવત્તાની ખાતરી :** નિગમ દ્વારા જે તે વિસ્તારના પ્રગતિશીલ ખેડૂતો સાથે મળીને બીજ ઉત્પાદન કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. આ પ્રક્રિયામાં વાવણીથી લઈને પાકની કાપણી, પ્રોસેસિંગ, પેકેજિંગ અને સ્ટોરેજ સુધીની તમામ બાબતોનું વૈજ્ઞાનિક ઢબે નિરીક્ષણ કરવામાં આવે છે. જેમાં ઉત્પાદિત થયેલા બીજને પ્રમાણન એજન્સી દ્વારા પ્રમાણિત કરવામાં આવે છે, જે સુનિશ્ચિત કરે છે કે બીજની આનુવંશિક શુદ્ધતા, ભૌતિક શુદ્ધતા અને અંકુરણ ક્ષમતા ઉચ્ચતમ સ્તરની છે.
- **વ્યાજબી ભાવ અને સરળ ઉપલબ્ધતા :** રાજ્યભરમાં ગામ, તાલુકા અને જિલ્લા કક્ષાએ સહકારી સંસ્થાઓ અને ખાનગી અધિકૃત બીજ વિક્રેતાઓ મારફત બીજનું વેચાણ-વિતરણ કરવામાં આવે છે. હાલમાં, નિગમ કુલ ૧,૨૮૯ અધિકૃત બીજ વિક્રેતાનું વિશાળ નેટવર્ક ધરાવે છે, જેમાં ૪૦૧ સહકારી સંસ્થાઓ, ૩૬૭ કૃષિ-ક્લિનિક્સ અને કૃષિ વ્યવસાય કેન્દ્રો, ૫૨૧ ખાનગી સંસ્થાનો સમાવેશ થાય છે. આ નેટવર્કના માધ્યમથી રાજ્યના અંતરિયાળ વિસ્તારોના ખેડૂતોને પણ સમાન ભાવે અને સરળતાથી બિયારણ મળી રહે છે.
- **કૃષિ સંશોધનને વેગ :** બીજ નિગમ કૃષિ યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ દ્વારા નવી ભલામણ કરાયેલી જાતોના બીજ ઉત્પાદનને પ્રાધાન્ય આપે છે અને જૂની જાતોનું ઉત્પાદન ઘટાડીને, વેરાયટલ રિપ્લેસમેન્ટ રેટ (VRR) અને સીડ રિપ્લેસમેન્ટ રેશિયો (SRR) વધારવાનો પ્રયાસ કરે છે. જેથી નવી, વધુ ઉપજ આપતી અને રોગપ્રતિકારક જાતો ઝડપથી ખેડૂતો સુધી પહોંચે છે અને સમગ્ર કૃષિ ક્ષેત્રની ઉત્પાદકતામાં સુધારો થાય છે.એટલા માટે જ, આજે ગુજરાત રાજ્ય બીજ નિગમ માત્ર બિયારણનું ઉત્પાદન અને વેચાણ કરતી એક સંસ્થા જ નહિ, પરંતુ ગુજરાતના અનેક ખેડૂતોના વિશ્વાસનું પ્રતીક બન્યું છે.

રાજકોટ જિલ્લા પંચાયતની નવી પહેલ.. 'નવી દિશા.. દીકરી આગળ વધો'... ફિર સે સ્કૂલ ચલે હમ..

# જિલ્લાની 'ડ્રોપઆઉટ' ૧૦૫ દીકરીઓનો શાળા ITIમાં પુનઃપ્રવેશ : ભાનુબેન

## આ પહેલથી વ્હાલી દીકરીઓને નવું જીવન મળ્યું, સ્ત્રી સશક્તિકરણની દિશામાં ઉત્તમ-સાચું પગલું: કલેક્ટર






રાજકોટ, તા. ૩૦
રાજકોટ જિલ્લા પંચાયતની 'નવી દિશા.. દીકરી આગળ વધો' પહેલ અંતર્ગત આજે રાજ્યનાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે જિલ્લાની 'ડ્રોપઆઉટ' ૧૦૫ દીકરીઓનો શાળા-આઈટીઆઈ.માં પુનઃપ્રવેશ કરાવવામાં આવ્યો છે.જેમાં ૮૫ દીકરીઓનો ધો.૭થી ૧૨માં પુનઃપ્રવેશ જ્યારે ૨૦ દીકરીઓનું તેમની રૂચી મુજબ, આઈ.ટી.આઈ.માં વ્યવસાયલક્ષી કોર્સમાં એડમિશન કરાવાયું છે. જેના પગલે આ દીકરીઓમાં ઉચ્ચ અભ્યાસ સાથે જીવનમાં આગળ વધવાની નવી આશાનો સૂર્યોદય થયો છે અને તેમને 'જીવનમાં આગળ વધવાની નવી દિશા' મળી છે.

જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદના દિશાનિર્દેશ મુજબ,રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા 'ડ્રોપ આઉટ' દીકરીઓના પુનઃ અભ્યાસ માટે 'નવી પહેલ' અંતર્ગત 'નવી દિશા... દીકરી આગળ વધો' પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત અભ્યાસ છોડી ચૂકેલી દીકરીઓના શાળા પુનઃપ્રવેશનો કાર્યક્રમ જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. અભ્યાસમાં પુનઃ પ્રવેશ બદલ મંત્રીએ તમામ ૧૦૫ દીકરીઓને તથા જિલ્લાના સમગ્ર તંત્રને આવી ઉત્તમ કામગીરી બદલ રાજ્ય સરકાર વતી અભિનંદન પાઠવ્યા હતા.

મંત્રી ભાનુબેન બાબરીયાએ કહ્યું હતું કે, દીકરીઓના પોષણ, અભ્યાસ અને સ્ત્રી સશક્તિકરણ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. અગાઉ થતી કન્યાભ્રૂણ હત્યાના દૂષણનો ઉલ્લેખ કરતાં મંત્રીએ કહ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'બેટી બચાવો, બેટી પઢાવો' કાર્યક્રમને જનઆંદોલનનું સ્વરૂપ આપ્યું, જેના પગલે રાજ્યમાં દીકરીઓના જન્મદરના વધવા સાથે શિક્ષણદર પણ સુધર્યો છે.

તેમણે કહ્યું હતું કે, કૂપોષિત કિશોરીઓને સશક્ત અને પોષિત બનાવવા માટે પૂર્ણાશક્તિ યોજના ચાલે છે. જેમાં આંગણવાડી દ્વારા કિશોરીઓને પોષક આહાર પૂર્ણાશક્તિના પેકેટ આપવામાં આવે છે. આ સાથે ડ્રોપઆઉટ દીકરીઓ માટે જિલ્લાના સમગ્ર તંત્રએ લીધેલા પગલાંને તેમણે ફરજ સાથે જનસેવાનું મોટું કાર્ય ગણાવ્યું હતું. મંત્રીએ પુનઃ અભ્યાસ શરૂ કરનારી દીકરીઓને જીવનમાં આગળ વધવા માટે કોઈ લક્ષ્ય નક્કી કરવા અને તેના માટે સતત અને સખત મહેનત કરવાની પ્રેરણા આપી હતી. તેમણે કહ્યું હતું કે, તમારે જે બનવું છે તે લક્ષ્યને સતત નજર સમક્ષ રાખીને મહેનત કરતા રહેજો. અભ્યાસ શરૂ થઈ ગયો છે, તમારા માતા-પિતાએ તમારા પર વિશ્વાસ મુક્યો છે, ત્યારે હવે આગળ ખંતથી ભણવાની જવાબદારી તમારી છે. આ સાથે મંત્રીશ્રીએ તમામ દીકરીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવી હતી.

આ તકે જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબહેન રંગાણીએ કહ્યું હતું કે, એક સમય હતો કે દીકરીઓ મોટી થાય પછી ઘરની બહાર ના નીકળી શકતી. મોટી દીકરી પર તો ઘરની જવાબદારી આવી પડતી અને તેમનો અભ્યાસ છૂટી જતો. પરંતુ 'બેટી બચાવો બેટી પઢાવો' અભિયાન થકી આજે દીકરીઓ ઉચ્ચ અભ્યાસ કરીને સમાજમાં આગળ વધી રહી છે. જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે કહ્યું હતું કે, આ પહેલથી વ્હાલી દીકરીઓને નવું જીવન મળ્યું છે અને સ્ત્રી સશક્તિકરણની દિશામાં આ ઉત્તમ અને સાચું પગલું છે. સામાજિક, પારિવારિક, આર્થિક કારણોસર કે જૂની માન્યતાઓના કારણે જ્યારે અભ્યાસ છૂટી જાય અને દીકરીઓના મનમાં એવું થઈ જાય 'હવે મારું ભણવાનું પૂરું..', તે જીવનમાં આગળ વધવાની આશા ખોઈ બેસે, ત્યારે તેના માતા-પિતાને સમજાવીને આ દીકરીઓના અભ્યાસ માટે પુનઃશાળા પ્રવેશ કરાવીને તેમના જીવનમાં નવી આશાનો સંચાર કરવો અને તેને ઉજ્જવળ ભવિષ્યના સપના ગૂંથતી કરવી એ ખૂબ મહત્વની અને મોટી વાત છે. પુનઃશાળા પ્રવેશ મેળવનારી આ ૧૦૫ દીકરીઓના જીવનમાં આ પહેલથી ગુણવત્તાભરી અસર થશે. આ પહેલે દીકરીઓને આગળ વધવામાં, તેમનામાં નવો આત્મવિશ્વાસ જગાવવામાં મોટી ભૂમિકા ભજવી છે.



## આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ-૨૦૨૫
# જિલ્લામાં કુપોષિત બાળકો, માતાઓને અપાઈ પોષણ કીટ
### પડધરી તાલુકાના ખજૂરડી-૧ અને ખજૂરડી-૨ ગામ ખાતે યોજાયો

રાજકોટ, તા. ૩૦
આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ-૨૦૨૫ની ઉજવણી અંતર્ગત રાજકોટ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રમાં પોષણ જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો. જે કાર્યક્રમ પડધરી તાલુકાના ખજૂરડી-૧ અને ખજૂરડી-૨ ગામ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત કુપોષિત બાળકો તથા તેમની માતાઓને પોષણ કીટ નું વિતરણ કરવામાં આવ્યું.

કાર્યક્રમનો મુખ્ય હેતુ કુપોષણ સામે લડત આપી બાળકો અને માતાઓને યોગા પોષણ ઉપલબ્ધ કરાવવાનો, સમતોલ આહાર તથા આરોગ્ય પ્રત્યેની જાગૃત્તિ ફેલા વવાનો અને સમાજ સારે સહકારી સંસ્થાઓ ની ભાગીદારીને મજબૂત બનાવવાનો હતો. જેમાં માતાઓમાં બાળ અને માતૃ પોષણ અંગે જાગૃતિ તથા લાભાર્થીઓને પોષણ કીટનું સફળ વિતરણ કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમ જિલ્લા રજિસ્ટ્રાર ડો. બિમલ પટેલ, સહકારી મંડળીઓ રાજકોટ તથા કાર્યાલય અધિક્ષક, ગીતાબેન જીવાણીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં જિલ્લા રજિસ્ટ્રાર કચેરીના મદદનીશ સહકારી અધિકારી સચિન શિરોયા તથા મદદનીશ સહકારી અધિકારી આશિષ સંતોકી, રાજકોટ જિલ્લા સહકારી બેંકના ડિરેક્ટર તથા ખોડાપીપર જુથ સેવા સહકારી મંડળી લી. ના પ્રમુખ ડાયાભાઈ પટેલ, માર્કેટીંગ યાર્ડ રાજકોટનાં ડિરેક્ટર વસંતભાઈ ગઢિયા, રાજકોટ દૂધ સંઘના ડિરેક્ટર અશ્વિનભાઈ ગઢિયા હાજર રહ્યા તથા વધુમાં મહિલાઓ, બાળકો, આંગણવાડી કાર્યકરો તથા ગામના આગેવાનો અને સહકારી સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા, અને આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવેલ છે.

### નેશનલ સ્પોર્ટ્સ ડેની ઉજવણી સમગ્ર દેશમાં આજા સુધી ચાલુ
# સદગુરૂ મહિલા કોલેજની ૧૨૦૦ દીકરીઓએ ફીટ ઈન્ડિયા મુવમેન્ટ અંગે લીધી પ્રતિજ્ઞા



રાજકોટ, તા. ૩૦
સમગ્ર દેશમાં હાલ રમતગમતને વધુ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે તેનો હેતુ માત્ર સ્પોટ્સ નહીં પરંતુ લોકોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે મહત્વનું છે ત્યારે આગામી દિવસોમાં આ અંગે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા હાલ સરકાર રમતગમત ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે અને તેના ભાગરૂપે જ આગામી દિવસોમાં પણ શહેર તથા જિલ્લા સ્તરે સ્પોટ્ર્સ ફેસીલીટીમાં વધારો થાય તે જરૂરી છે જેના માટે હાલ દરેક પ્રકારના પગલાં લેવા માટે સરકારે કટિબદ્ધતા દાખવી છે હાલ નેશનલ સ્પોટ્સ ડે નિમિત્તે આજ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન માત્ર રાજકોટ સૌરાષ્ટ્ર પૂરતું સીમિત નહીં પરંતુ સમગ્ર દેશમાં થઈ રહ્યું છે

આજે દેશભરમાં નેશનલ સ્પોર્ડ્સ ડે ૨૦૨૫ ની ઉજવણી કરવામાં આવી. ભારતભરમાં રમત પ્રત્યે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ વધે, તંદુરસ્તી માટે જાગૃતિ ફેલાય અને ઓલિમ્પિક વેલ્યુનો સંદેશો ફેલાય તે હેતુથી નેશનલ સ્પોટ્ર્સ ડેની ઉજવણી ૩ દિવસ ૨૯ થી ૩૧ ઓગષ્ટ દરમ્યાન ફીડ ઇન્ડિયા મુવમેન્ટ અંતર્ગત કરવામાં આવી રહ્યું છે. જેના ભાગ રૂપે આજે શહેરની શ્રી સદગુરૂ મહિલા કોલેજમાં ભણતી ૧૨૦૦ દીકરીઓએ આ અંતે પ્રતિજ્ઞા લીધી હતી અને સ્પોટ્ર્સ ક્ષેત્રે સક્રિય રહેવા વચન પાળ્યું હતું. ફીટ ઈન્ડિયા મુવમેન્ટના બ્રાન્ડ એમ્બેસેડર અને શ્રી સદગુરૂ મહિલા કોલેજના પ્રિન્સીપાલ ડો અર્જુનસિંહ રાણાની આગેવાની હેઠળ સમગ્ર કોલેજના સ્ટાફે સક્રિય ભાગ લઈને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સન્ડે ઓન સાયકલનું આયોજન
### નેશનલ સ્પોર્ટ્સ ડે નિમિતે મનપા તથા જિલ્લા વહીવટી તંત્ર અને શહેર પોલીસનું સંયુક્ત આયોજન

રાજકોટ, તા. ૩૦
નેશનલ સ્પોર્ટ્સ ડે નિમિત્તે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે ત્યારે આજે સન્ડે ઓન સાઇકલનું આયોજન કરવામાં આવ્યું છે આ કાર્યક્રમ મહાનગરપાલિકાની સાતો સાત જિલ્લા વહીવટી તંત્ર અને શહેર પોલીસ દ્વારા સંયુકત રીતે આયોજિત થયેલો છે ખાસ આ કાર્યક્રમના આયોજન પાછળના મુખ્ય હેતુ અને લક્ષ્ય એ જ છે કે લોકો પોતાના સ્વાસ્થ્ય માટે સજાગ બને અને સાઇકલનો મહત્તમ ઉપયોગ કરે જેથી સ્વાસ્થ્યની સાથે પર્યાવરણનુ પણ રક્ષણ થઈ શકશે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા દ્વારા જણાવવામાં આવ્યું કે, રમતગમત આપણા જીવનનો એક અભિન્ન ભાગ છે. જે આપણા શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારી માટે અસંખ્ય લાભો પ્રદાન કરે છે.



સમગ્ર દેશમાં હોકીના ખ્યાતનામ ખેલાડી મેજર ધ્યાનચંદના જન્મદિવસ તા.૨૯મી ઓગસ્ટને રાષ્ટ્રીય રમતની ટીમો અને દેશની રમત પરંપરાઓનું સન્માન કરવા માટે નેશનલ સ્પોટ્ર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. આ નેશનલ સ્પોટ્ર્સ ડેની ઉજવણી અંતર્ગત ધ ફીટ ઈન્ડિયા મુવમેન્ટ, સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત મુક્ત ગુજરાત અને સ્પોટ્ર્સ અવેરનેસ સેલીબ્રેશન-૨૦૨૫ અભિયાન હેઠળ રાજકોટ મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર અને રાજકોટ શહેર પોલીસના સંયુક્ત ઉપક્રમે સન્ડે ઓન સાયકલ કાર્યક્રમનું આજે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે,બહુમાળી ભવન ચોક, રેસકોર્ષ રીંગ રોડ, રાજકોટ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું ફ્લેગ ઓફ બાન લેબ્સના ચેરમેન અગ્રણી ઉદ્યોગપતિ મૌલેશભાઈ ઉકાણીના વરદ હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે.

રાજકોટ મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર અને રાજકોટ શહેર પોલીસ દ્વારા આજે આયોજિત સન્ડે ઓન સાયકલમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા શહેરીજનોને અનુરોધ કરવામાં આવે છે.

# ગુંદાસરાથી જુગાર રમતા ૭ આસામીઓને ૮૨.૭૬ લાખના મુદ્દામાલ સાથે પકડ્યા
### ગોંડલ તાલુકા પોલીસને મળી સફળતા : ૨૦.૨૧ લાખની રોકડ પણ જપ્ત





રાજકોટ, તા. ૩૦
છેલ્લા ઘણા સમયથી અનેકવિધ ગેરરીતીઓ અને કહી શકાય કે, પ્રોહિબિશત તથા જુગારની પ્રવૃત્તિઓનું પ્રમાણ સતત વધી રહ્યું છે. ત્યારે આ પ્રકારની ગતીવિધિ કરતા ઇસમો વિરુધ્ધ ઝિરો ટોલરેન્ટ-ટૂ પ્રોહિબિશન એન્ડ ગ્લેબલિંગની નીતિ મુજબ કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે રાજકોટ રેન્જ પોલીસ મહાનીરિક્ષક અશોક યાદવ, જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર તથા નાયબ પોલીસ અધિક્ષક કે.જી. ઝાલાના માર્ગદર્શન હેઠળ ગોંડલ તાલુકા પોલીસ દ્વારા તાલુકા વિસ્તારમાં સર્વેલન્સ સ્ટાફ દ્વારા સતત પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું હતું. ત્યારે ગોંડલ તાલુકા પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી. પરમારની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ગોંડલ તાલુકાના ગુંદાસરા ગામની સીમમાં હિતેશ હરજીભાઇ મણવર કે જે રાજકોટવાળાના પ્રિમિયમ એન્ટરપ્રાઇઝ નામના કારખાનામાં અમુક ઇસમો તીનપત્તિનો હારજીતનો નસીબ આધારિત જુગાર રમે છે. જે બાતમીના આધારે પોલીસે દરોડા પાડી ૭ આરોપીઓને પકડી પાડ્યા. જેમાં તમામ આરોપી રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં વસવાટ કરે છે. જેમાં લલીત ચંદુભાઇ કાનેરિયા, હિતેશ હરજીભાઇ મણવર, રમેશ વલ્લભભાઇ મારળિયા, પ્રતીક જયંતભાઇ ભૂત, જેમીન માધવજીભાઇ ઘેટીયા, મનીશ દુર્લભજીભાઇ ચનિયારા તથા દીલીપ પ્રાગજીભાઇ અસોદરિયાને પકડી પાડી કુલ ૮૨.૭૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો. જેમાં ૨૦.૨૧ લાખ રોકડ પછી ૮ નંગ મોબાઇલ ફોન જેની કિંમત ૬.૮૫ લાખ તથા ત્રણ ફોર વ્હીલ અને એક મોટરસાઇલ જેની કુલ કિંમત ૫૫.૭૦ લાખ હોવાનું માલૂમ પડ્યું છે.

આ દરોડાને સફળ બનાવવા પીઆઇ એ.ડી.પરમાર, પીએસઆઇ આર.જે.જાડેજા, આર.આર. સોલંકી, એએસઆઇ રૂપક બોહરા, હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ જાડેજા, અજીયસિંહ ઝાલા તથા પોલીસ કોન્સ્ટેબલ રવિરાજ વાળા, જયદીપસિંહ રાણા, રણજીતભાઇ ધાધલ, મુકેશભાઇ મકવાણા, જયદીપભાઇ ધાધલ, ભગીરથભાઇ વાળા, ભરતભાઇ ગમારા, અરવિનભાઇ સાપરવા અને પૃથ્વીસિંહ ડોડિયાએ યોગદાન આપ્યું હતું.

### શહેરમાંથી કઈ રીતે પમ્પીંગ સ્ટેશન પર સુએજ કલેક્શન કરી અને STP પ્લાન્ટ પર લઇ આપવામાં આવે છે તેવા મુદ્દાઓ પર વિદ્યાર્થીઓએ મેળવી માહિતી
# ગરૈયા કોલેજના વિદ્યાર્થીઓએ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની લીધી મુલાકાત

રાજકોટ, તા..૩૦
બી.જી.ગરેયા હોમિયોપેથી કોલેજના ૧૧૫ જેટલા વિધાર્થી અને ૦૪ જેટલા કોલેજના પ્રોફેસરો દ્વારા માધાપર ખાતે આવેલ ૮૦ ખકઉ ક્ષમતાના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે શૈક્ષણિક વિઝીટમાં ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓને તેઓના અભ્યાસક્રમમાં આવતા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી અંગે વિસ્તૃત સમજ આપવામાં આવેલ તેમજ રાજકોટ મહાનગરપાલિકા ડ્રેનેજ પ્રોજેક્ટ શાખા દ્વારા સમગ્ર રાજકોટ શહેરમાંથી કઈ રીતે પમ્પીંગ સ્ટેશન પર સુએજ કલેક્શન કરી અને જીઝ્રઙ પ્લાન્ટ પર લઇ આવી, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર કઈ રીતે સુએજ વોટરના શુદ્ધિકરણ કરવામાં આવે છે અને આ ટ્રીટ કરેલ સુએજ વોટરને કઈ રીતે ડિસ્પોઝલ કરવામાં આવે છે તે અંગેની કામગીરી સમજાવવામાં આવેલ. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને વોટર ટ્રીટમેન્ટ દ્વારા સામાન્ય નાગરિકનાં જીવન તથા આરોગ્ય પર પડતી અસરો અંગેની માહિતી આપવામાં આવેલ હતી.



આ વિઝીટ ડ્રેનેજ પ્રોજેક્ટ શાખાના એડી.સિટી.એન્જીનીયરશ્રી. કે.પી.દેથરીયા તથા ના.કા.ઈ પી.એમ કાસુન્દ્રાના સીધા માર્ગદર્શન હેઠળ થયેલ તથા આ વિઝીટ વખતે ડ્રેનેજ પ્રોજેક્ટ શાખાનાં મદદનીશ ઈજનેર રાજેશ રાઠોડ, ગૌરવ પુરબીયા અને કેમિસ્ટ કે.કે.વ્યાસ હાજર રહેલ. વિદ્યાર્થીઓની અંદર પ્રદુષિત પાણીથી સુએજનાં પાણીની સામાન્ય નાગરિકનાં આરોગ્ય તથા જીવન પર પડતી અસરો તથા સુએજનાં ટ્રીટ થયેલ પાણીનાં પુનઃ વપરાશ અંગેની જાગૃતિ અને સમજણ કેળવવા માટે આ શૈક્ષણિક વિઝીટનું આયોજન કરવામાં આવેલ.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ચેતો, સમય જ બળવાન

## એક સમયના મોટા માથાઓ હવે શબડશે



એસીબી સ્પેશિયલ કોર્ટે એક ચૂકાદો આપીને પૂર્વ ધારાસભ્ય, પોલીસ અધિકારીઓ તથા વકીલ સહિત ૧૪ લોકોને આજીવન કેદની સજા ફટકારી છે. આ કેસ અને આ માથા અસામાન્ય છે. ૧૪ લોકોને દોષિત જાહેર કરીને સજા ફરમાવી છે.

પૂર્વ ધારાસભ્ય નલીન કોટડિયા, પૂર્વ એસપી જગદીશ, એલસીબીના અનંત પટેલ, સીબીઆઇના પીઆઇ સુનિલ નાયર, વકીલ કેતન પટેલ આ બધા એક સમયના મોટા માથાઓને હતો સત્તાનો પાવર. પોલીસ-સીબીઆઇને તંત્રનો પાવર અને કાનૂની નિષ્ણાંતોનો પાવર આ પાંચોયે ભેગા મળીને એક બિલ્ડરનું અપહરણ કરીને રૂપિયા ૧૨ કરોડના બીટ કોઇન પડાવી લીધા હતા.

આ મોટા માથા એવું માનતા હતા કે, આપણે પાવરમાં છીએ, કોઇ કાંઇ બગાડી નહીં શકે. એ સમયે આ લોકો પાવરફૂલ જ હતા. જો કે, એક કહેવત છે, સમય-સમય બલવાન, નહિ બલવાન આદમી...

૨૦૧૮ની સાલના આ પાવરફૂલ માથાઓની આજે કંઇ વેલ્યૂ નથી રહી. આજીવન કેદના કારણે બાકીની જિંદગી શબડવાનું જ રહેશે.

એસસીબી સ્પેશિયલ કોર્ટના ચૂકાદાથી બોધપાઠ લેવા જેવો છે. આજે પણ અનેક લોકો સત્તાના પાવરમાં છે. અધિકારીના પાવરને પોતાને સર્વશ્રેષ્ઠ માનીને ન કરવાના ધંધા કરે છે. આજે તેઓ પાવરફૂલ જ છે. પરંતું, સમય બદલાશે ત્યારે તેમનો કોઇ ભાવ નહીં પૂછે અને એકાદ કેસમાં સંડોવણી ખૂલશે તો પાછલી જિંદગી શબડવાનું જ આવશે.

ઘણા લોકો નેતાઓના કે અધિકારીના પીઠબળના આધારે ખેલ નાખતા હોય છે. પીઠબળ મજબૂત હોવાથી પોતાને તાકાતવર માનવા લાગે છે. બાદમાં પછતાવાનો પાર રહેતો નથી. ખૂદ તો ઠીક પરિવાર પણ બરબાદ થઇ જતો હોય છે. હવામાં ઉડનારા માટે આવા ચૂકાદારૂપે અનેક સંકેતો પ્રકૃત્તિ આપે છે એ સંકેત સમજીને ચેતી જવા જેવું છે.

અનેક મોટા ગણાતા માથાઓની અવદશા આપણી નજર સામે થઇ છે. પોતાની જાતને પાવરફૂલ માનીને બેફામ બની જનારાઓ સમય બદલે ત્યારે દયામણા ચહેરે આજીજી કરતા નજરે પડતા હોય છે. રાજકારણીઓથી માંડીને અધિકારીઓ અને દરેક ક્ષેત્રના મહાકાય લોકોના પતનથી ઇતિહાસ છલકે છે. ખોટા પાવર દેખાડવાને બદલે માણસાઇ અને નરમાઇ માણસને સુખ અને શાંતિ લાંબાગાળા સુધી આપી શકે છે.

હાલ અનેક લોકો સત્તા કે પદના મદમાં બેફામ છે. આવા તત્વો સમાજ માટે વિલન જેવા છે. પણ, પાવરના કારણે તેમને કોઇ કંઇ કહી શકતું નથી. આવા લોકોએ નલીન કોટડિયા અને જગદીશ પટેલની દશા જોવી જોઇએ.




પૂ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# ભાજપ કોઈની સગી નથી : અખિલેશ યાદવ

## અખિલેશ યાદવે કહ્યું કે ભાજપ કોઈ સાથે સંબંધિત રાખવામાં માનતી નથી, તે ફક્ત ઉપયોગ કરવા માટેનો પક્ષ છે

નવીદિલ્હી, તા. ૩૦

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે ભાજપ પર આકરા પ્રહારો કર્યા. શનિવારે અખિલેશ યાદવે કહ્યું કે ભાજપ કોઈ સાથે સંબંધિત નથી, તે ફક્ત ઉપયોગ કરવા માટેનો પક્ષ છે. ભાજપના રાજ્ય એકમના પ્રવકતા હરિશ્ચંદ્ર શ્રીવાસ્તવે અખિલેશ યાદવ પર વળતો પ્રહાર કર્યો અને કહ્યું કે જે લોકો તેમના પરિવાર સાથે સંબંધિત નથી તેમણે ભાજપના કાર્યકરોને સલાહ ન આપવી જોઈએ. અખિલેશ યાદવે ટ્વિટર પર એક વીડિયો શેર કર્યો. આ વીડિયો ૪૯ સેકન્ડ લાંબો છે. આમાં ખેડૂતો ખાતર માટે લાઇનમાં ઉભા જોવા મળે છે. તે જ સમયે, એક વૃદ્ધ ખેડૂત રડતો જોવા મળે છે.

અખિલેશ યાદવે કહ્યું કે જે ભાજપ કાર્યકરો અને સમર્થકો અમૃતકાલ વિશે વાત કરી રહ્યા છે તેમને આ વીડિયો જોયા પછી પોતાને શરમ આવવી જોઈએ. ભાજપ ભ્રષ્ટાચાર છુપાવવા અને પ્રચાર ફેલાવવા માટે તેના નિર્દોષ સમર્થકોનો દુરુપયોગ કરે છે. સાંપ્રદાયિક રાજકારણ ખવડાવીને, ભાજપ અને તેના સાથીઓએ શિક્ષિત લોકોના જ્ઞાન અને ડહાપણને બંધક બનાવ્યા છે. આ બાબત પર હાથ પર હાથ રાખીને વિચાર કરવો જોઈએ. ભાજપ આવા લોકોને ખાતર તરીકે ઉપયોગ કરે છે જેથી તેનો ખોટો પ્રચાર, નફરતવાળા વોટ્સએપ સંદેશાઓ અને ભ્રામક માહિતીનો પ્રચાર થાય.

સપા વડાએ વધુમાં કહ્યું કે સૌ પ્રથમ ભાજપના સભ્યોએ સમજવું જોઈએ કે ભાજપ કોઈની નથી. તે ફક્ત ત્યારે જ ઉપયોગ કરે છે જ્યારે તેને તક મળે છે. જ્યારે જરૂર પૂરી થાય છે, ત્યારે તે તમને પણ બાજુ પર મૂકી દેશે. આ ભાજપની રણનીતિ છે. પહેલા ઉપયોગ કરો, પછી ફેંકી દો. જ્યારે ભાજપ જશે, ત્યારે ખાતર આવશે! ખેડૂતો કહે છે કે આજની ભાજપ ભાજપને ઇચ્છતી નથી. અખિલેશ યાદવ પર વળતો પ્રહાર કરતા ભાજપના રાજ્ય પ્રવક્તા હરિશ્ચંદ્ર શ્રીવાસ્તવે કહ્યું કે જનતા સતત સપાના વડા અખિલેશ યાદવ અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને નકારી રહી છે. આનાથી હતાશ થઈને, સપા પ્રમુખ હવે ફક્ત એક જ રણનીતિ અપનાવી રહ્યા છે, જૂઠાણા અને અફવાઓનો આશરો લઈને લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. મોદી અને યોગીની સરકાર હવે સામાન્ય લોકો માટે સમૃદ્ધિનું પ્રતીક બની ગઈ છે. આવી સ્થિતિમાં, સપા અને કોંગ્રેસના પાયાવિહોણા આરોપો અને ખોટા પ્રચાર હવે કોઈને અસર કરી રહ્યા નથી. દેશના લોકોને તેમનું સત્ય ખબર પડી ગઈ છે.

અખિલેશ યાદવે કહ્યું, અવધના લોકોએ ભાજપને હટાવી દીધો છે, હવે મગધના લોકો પણ ભાજપને હટાવશે. ભાજપ સ્થળાંતર કરશે. આ છેતરપિંડીનો મામલો છે સાહેબ, આ એક ગાંડપણભર્યો નિર્ણય છે. આ સમયે પંચે નિર્ણય લેવાનો અર્થ એ છે કે મત ચોરીની સાથે લૂંટની તૈયારી પણ હતી. તેમણે વધુમાં કહ્યું, હું રાહુલ ગાંધી, તેજસ્વી યાદવ અને બિહારના લોકોને અભિનંદન આપવા માંગુ છું કે તેઓ તેમના મતના અધિકાર માટે લડી રહ્યા છે. ભાજપ બિહારમાંથી બહાર થશે અને આ સ્થળાંતર નિશ્ચિત છે. બેરોજગારો હવે સ્થળાંતર નહીં કરે, પરંતુ અહીં જ રોજગાર મેળવશે. તેજસ્વી યાદવે આપેલી નોકરીઓ લોકોને હજુ પણ યાદ છે.

# ટેરિફ સામે નહીં ઝૂકે ભારત : ગોયલ

## નવી બજાર શોધી નિકાસ માટેના નવા દ્વાર આવશે ખોલવામાં , સરકારે હાથ ધરી કામગીરી

નવીદિલ્હી, તા. ૩૦

અમેરિકાએ ૨૭ ઓગસ્ટથી ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદી દીધો છે. જોકે, ભારત અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના આ નિર્ણયનો વિરોધ કરી રહ્યું છે. આ દરમિયાન, દેશના કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે અમે અમેરિકાના ટેરિફ સામે ઝૂકવાના નથી. અમે નવા બજારો શોધીશું અને સરકાર નિકાસ વધારવા માટે પગલાં લેશે. પીયૂષ ગોયલે કહ્યું કે ભારત મુક્ત વેપાર કરાર માટે તૈયાર છે, પરંતુ અમેરિકાના દબાણ સામે ઝૂકશે નહીં. ભારતની નિકાસ આ વર્ષે ૨૦૨૪-૨૫ના આંકડાને પાર કરશે.



અમેરિકાના ટેરિફ લાદવામાં આવ્યા પછી પોતાની પહેલી ટિપ્પણીમાં, પીયૂષ ગોયલે કહ્યું કે કેન્દ્ર સરકાર આગામી દિવસોમાં દરેક ક્ષેત્રને ટેકો આપવા અને નિકાસને વેગ આપવા માટે ઘણી નવી જાહેરાતો કરશે. ભારત અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ સામે ''નમશે નહીં'' અને તેના બદલે નવા બજારો કબજે કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે કહ્યું કે ભારત હંમેશા મુક્ત વેપાર કરાર માટે તૈયાર છે, પરંતુ ભારત ''ન તો નમશે, ન તો ક્યારેય નબળા દેખાશે. આપણે સાથે મળીને આગળ વધતા રહીશું અને નવા બજારો કબજે કરતા રહીશું.'' તેમણે કહ્યું, ''હું વિશ્વાસ સાથે કહી શકું છું કે આ વર્ષે ભારતની નિકાસ ૨૦૨૪-૨૫ના આંકડાને પાર કરશે. ડોનાલ્ડ ટ્રમ્પે આ મહિનાની શરૂઆતમાં ભારત દ્વારા રશિયન તેલની ભારે ખરીદીને કારણે ટેરિફની જાહેરાત કરી હતી. આ ટેરિફ આ અઠવાડિયે અમલમાં આવ્યો છે. યુએસ રાષ્ટ્રપતિનો આ નિર્ણય રશિયા પર દબાણ લાવવાનો છે. જેથી રશિયા-યુક્રેન યુદ્ધ રોકી શકાય. ટ્રમ્પ દ્વારા આ ટેરિફ હુમલાએ યુએસ-ભારત સંબંધોમાં તણાવ પેદા કર્યો છે. ભારતે આ ટેરિફને ખોટો ગણાવ્યો છે. ટ્રમ્પ અમેરિકાની પહોંચ વધારવા માંગે છે, જેના કારણે ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર સોદો અત્યાર સુધી સફળ થયો નથી. પીએમ મોદીએ જાહેરમાં કહ્યું છે કે તેઓ આ દબાણ સામે ઝૂકશે નહીં. તેમણે 'સ્વદેશી' અભિયાન પણ શરૂ કર્યું છે.

આ ટેરિફ નિર્ણયથી ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર સંબંધોમાં તણાવ વધુ ઘેરો બન્યો છે. ભારત સરકારે આ નિર્ણયને ખોટો અને અન્યાયી ગણાવ્યો છે. તે જ સમયે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ જાહેર મંચ પરથી સ્પષ્ટ કર્યું છે કે ભારત કોઈપણ પ્રકારના વિદેશી દબાણ સામે ઝૂકવાનું નથી. તેમણે દેશમાં 'સ્વદેશી' અભિયાનને વધુ વેગ આપવાની જાહેરાત કરી છે. વાણિજ્ય મંત્રી ગોયલે પુનરોચ્ચાર કર્યો કે ભારતનું અર્થતંત્ર આત્મનિર્ભર બનવા તરફ આગળ વધી રહ્યું છે અને સરકારનું ધ્યાન હવે નવા વૈશ્વિક બજારો પર છે, જ્યાં ભારતીય ઉત્પાદનોની માંગ વધારી શકાય છે.

# કોઈ પણ કાયમી મિત્ર-દુશ્મન નથી : રાજનાથ

## રાજનાથ સિંહે સંરક્ષણ સમિટ દરમિયાન કહ્યું કે સ્વદેશી ટેકનોલોજીના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે

નવીદિલ્હી, તા. ૩૦

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે આંતરરાષ્ટ્રીય સંબંધોમાં કોઈ કાયમી મિત્ર કે શત્રુ નથી હોતું, ફક્ત કાયમી હિત હોય છે. રાજનાથનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકા અને ભારત વચ્ચે ટેરિફને લઈને સંબંધોમાં તણાવ છે. ઉપરાંત, ભારત-ચીન સંબંધો નરમ પડ્યા છે. અમેરિકામાં ભારતીય માલ પર ૫૦% ટેરિફ ૨૭ ઓગસ્ટથી લાગુ કરવામાં આવ્યો છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સંરક્ષણ સમિટ દરમિયાન જણાવ્યું હતું કે સ્વદેશી ટેકનોલોજીના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. દેશમાં ઈંગજ હિમગિરી અને ઈંગજ ઉદયગિરી સહિત બે નીલગિરી વર્ગના યુદ્ધ જહાજો ડિઝાઇન કરવામાં આવ્યા છે. આત્મનિર્ભરતાની દિશામાં, દેશ હવે બધા યુદ્ધ જહાજો સ્થાનિક સ્તરે બનાવી રહ્યો છે. નૌકાદળે અન્ય કોઈ દેશ પાસેથી યુદ્ધ જહાજો ખરીદવાનો નહીં, પરંતુ ભારતમાં જ બનાવવાનો સંકલ્પ કર્યો છે.

૫૦% યુએસ ટેરિફનો ઉલ્લેખ કરતા, સંરક્ષણ પ્રધાને કહ્યું કે હાલમાં વૈશ્વિક સ્તરે વેપાર માટે



યુદ્ધ જેવી સ્થિતિ છે. વિકસિત દેશો વધુને વધુ સંરક્ષણવાદી બની રહ્યા છે, પરંતુ ભારત તેના રાષ્ટ્રીય હિતો સાથે સમાધાન કરશે નહીં. ભારતની સ્વદેશી સંરક્ષણ પ્રણાલી સુદર્શન ચક્ર ટૂંક સમયમાં વાસ્તવિકતા બનવા જઈ રહી છે.

રાજનાથ સિંહે કહ્યું કે અસ્થિર ભૂ-રાજકારણ વચ્ચે આત્મનિર્ભરતા હવે એક જરૂરિયાત બની ગઈ છે. આજના બદલાતા ભૂ-રાજકારણથી એ પણ સ્પષ્ટ થઈ ગયું છે કે સંરક્ષણ ક્ષેત્રમાં બાહ્ય નિર્ભરતા હવે આપણા માટે વિકલ્પ નથી. હાલમાં, આપણા અર્થતંત્ર અને સુરક્ષા બંને માટે આત્મનિર્ભરતા જરૂરી છે. ભારતની સંરક્ષણ નિકાસ ૨૦૧૪ માં ૭૦૦ કરોડ રૂપિયાથી વધીને આજે લગભગ ૨૪,૦૦૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ઓપરેશન સિંદૂર પર બોલતા, સંરક્ષણ મંત્રીએ કહ્યું કે પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારતના સચોટ હુમલાઓએ સ્વદેશી સંરક્ષણ પ્રણાલીઓની ઉપયોગીતા સાબિત કરી છે. જેમ એક ખેલાડી થોડીક સેકન્ડમાં રેસ જીતી લે છે, પરંતુ તેની પાછળ વર્ષોની મહેનત હોય છે. તેવી જ રીતે, આપણા દળોએ પણ વર્ષોની તૈયારી, મહેનત અને સ્વદેશી સાધનોથી લક્ષ્યનો નાશ કર્યો છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે આંતરરાષ્ટ્રીય સંબંધો કાયમી નથી, ફક્ત રાષ્ટ્રીય હિતો કાયમી છે. ભારતીય માલ પર અમેરિકા દ્વારા ટેરિફ વધારા વચ્ચે, તેમણે સ્વદેશી સંરક્ષણ પ્રણાલી વિકસાવવાની વાત કરી.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# પ્રાસંગિક

## રાધા એક આલ્હાદીની શક્તિ છે, અને જેણે કૃષ્ણ નામનો ભેખ આખી જીંદગી પહેર્યો!



આજે રાધા અષ્ટમી છે. ભગવાન શ્રીકૃષ્ણનાં જન્મ પછી બરાબર પંદર દિવસે બરસાનામાં રાધાજીનો જન્મ થયો હતો. પદ્મ પુરાણમાં એવું લખાયું છે, કે રાજા વૃષભને ભૂમિ કન્યા તરીકે રાધાજી પ્રાપ્ત થયાં હતાં, એટલે કે બિલકુલ સીતાજીની જેમ. વૃંદાવન બરસાના અને મથુરામાં આજે પણ હજી ભાદરવા સુદ આઠમના દિવસે રાધાજીનો જન્મોત્સવ મનાવવામાં આવે છે, અને બરસાનામાં ટેકરી પર રાધારાણીનું મંદિર પણ છે, જેને ફૂલોથી શણગારવામાં આવે છે. રાધાજી ભગવાન શ્રીકૃષ્ણનાં શક્તિ સ્રોત હતા! ગોકુળની અવતાર લીલાઓમાં આપણે એ બંને વચ્ચેનાં અમર પ્રેમની લીલાઓ સાંભળી છે, અને શરદ પૂનમના રાસનો પણ એક અલૌકિક ઈતિહાસ છે.રાધાકૃષ્ણ, રાધેશ્યામ, એ શબ્દ સંભળાય ત્યાં આપણને એ અમર પ્રેમની ગાથા યાદ આવી જાય. દ્વાપર યુગમાં ભગવાન વિષ્ણુએ શ્રીકૃષ્ણ રૂપે અવતાર લીલા કરી છે. રુક્ષ્મણી, સત્યભામા, ઇત્યાદી ૮ પટરાણી હોવા છતાં, આપણે રાધા ક્રિષ્ન એમ બોલીએ છીએ. તો દ્વાપરનો શ્રીકૃષ્ણ આજ પર્યંત હજી એટલો જ પ્રિય શું કામ છે? કોણ છે આ રાધા? કારણકે તેની આઠ પટરાણીમા એનું નામ નથી. શું રાધા કૃષ્ણ બંને તેમની શારીરિક ઉપસ્થિતિને કારણે પ્રિય છે? અને રાધા એટલે શું? એવાં પ્રશ્નો થતાં હશે!

ગીતાનો ગાનારાં શ્રીકૃષ્ણ એ વિષ્ણુનાં અવતાર તરીકે ધરતી પર જન્મ લીધો,અને કંઈક અસુરોનો સંહાર કર્યો. ધરા પરનાં પાપાચારનો નષ્ટ કરવા તેને જન્મ લીધો હતો, અને વચન પણ આપ્યું હતું કે યુગેયુગે જન્મીને આસુરી સત્તાનો નાશ કરીશ. વાસુદેવ દેવકીનાં આઠમાં પુત્ર તરીકે તેનો જન્મ થયો, અને આકાશવાણી સાંભળીને કંસ તેના દરેક સંતાનને મારવા માટે મજબૂર બને છે. પણ નિયતીનાં ખેલ આગળ કોઈનું કંઈ ચાલતું નથી, અને કૃષ્ણ ગોકુળમાં નંદના ઘેર ઉછરવા લાગે છે. આ વાત હિન્દુ સનાતન ધારાનો એક એક જણ જાણે છે! તો વાત હવે શરૂ થાય છે, કે કૃષ્ણને પ્રેમનાં દેવ તરીકે આપણે સ્વીકાર્યા છે, એ પ્રેમ એટલે શું છે? પ્રેમ એટલે ત્યાગ, વૈરાગ્ય, અને સમર્પણ, કૃષ્ણ તેનાં જીવનમાં આખરે શું પામ્યાં? અવતાર કાર્ય કરવા આવ્યાં હતાં, એટલે એક પણ જગ્યાનાં થઇ શક્યાં નહીં, જન્મ મથુરાની જેલમાં, જન્મ દેનાર જનેતાનો પ્રેમ પામી શક્યા નહીં, ઉછેર ગોકુળમાં, અવતાર કાર્યને કારણે ગોકુળમાં પણ લાંબું રહી શક્યા નહીં, અને મોહમાયા લગાડીને મથુરા, અને ત્યાંથી દ્વારકા ચાલ્યા. ગોકુળની વાત થાય એટલે વૃંદાવનની રાધા રાણી યાદ આવે! તો રાધા શું છે? શ્રી કૃષ્ણ અને રાધા બંનેનો પ્રેમ અમર કેમ કહેવાયો? સંસારી જીવો શરીરથી આગળ કંઈ વિચારી શકતાં નથી, એટલે તેને આ પ્રેમની પવિત્રતા ક્યાંથી સમજાય? આજે સમાજમાં પ્રેમની જે રીતે વ્યાખ્યા થાય છે, એ જોતાં તો એવું લાગે કે પ્રેમ વિશે કોઈ કંઈ જાણતું જ નથી. કૃષ્ણ તો ત્યાગ, વૈરાગ્ય, અને સમર્પણનો દેવ છે. તો કૃષ્ણ એ કોઈ શારીરિક આકૃતિનું નામ નથી, તે પરીપૂર્ણ પ્રેમનું સ્વરૂપ છે. કે જેનું સ્મરણ થતાં આપણે એ દિવ્ય આત્માને અનુભવી શકીએ છીએ! માનવનાં અંતઃકરણમાં જે સત્ય, પ્રેમ, અને કરુણાના ભાવ ઓછે વધતે અંશે પલી રહ્યા છે, એમાં પ્રેમ તત્વ જો થોડું પણ ઉજાગર થયું હોય, એ કૃષ્ણને અનુભવી શકે, સમજી શકે, અને તેના નામે ત્યાગ, વૈરાગ્યને સમર્પણ પણ કરી શકે. પણ ત્યજવાની તો વાત જ ક્યાં આવે છે, મારું મારું... વસ્તુ તો ઠીક પણ ઈશ્વર પણ મારો.... ઈશ્વર કદી કોઈપણ વાડાઓમાં બંધાયેલો રહેતો નથી, તે સર્વોપરી સત્તા છે. અને દરેકે દરેક માટે એટલો જ ઉપલબ્ધ છે. શ્રીકૃષ્ણનાં ત્યાગની ગાથા ગાવા બેસીએ તો વર્ષો વીતી જાય, અને છતાં પણ તેને વિષે પૂર્ણ કહી શકાતું નથી, તે પૂર્ણ પરમાત્મા છે, અને આપણે હંમેશા તેની પાસે અપૂર્ણ જ રહીશું.

શું વૃંદાવનની રાધા ફક્ત તેની શારીરિક અવસ્થા એ જ અસ્તિત્વ ધરાવે છે! અને શું એ માત્ર ને માત્ર એક સ્ત્રી અને પુરુષ વચ્ચેનું આકર્ષણ જ દેખાડે છે? આવો પ્રશ્ન ઘણાને થયો હશે, કે આખરે રાધા એ શું છે? અથવા રાધામાં એવી કઈ વાત છે? રાધા માત્ર સ્ત્રી નથી, શ્રીકૃષ્ણની શક્તિનો સ્રોત, શ્રીકૃષ્ણની પ્રેરણા સ્રોત, કે શ્રીકૃષ્ણમાં અવિરત વહેતાં પ્રેમનો સ્રોત એટલે રાધા. રાધા એક આલ્હાદીની શક્તિ છે અને જેણે કૃષ્ણ નામનો ભેખ આખી જીંદગી પહેર્યો,અને વગર ફરિયાદ, વગર અપેક્ષા નિભાવી ગઈ. શારીરિક અવસ્થા જે રહી હોય, એટલે કે રાધાકૃષ્ણ કરતાં મોટા હતાં, એવી બધી વાતો સંભળાય છે. પણ મુખ્ય વાત એ નથી. તેઓની પ્રેમ ક્રીડાઓ વિશે પણ ગોકુલ વૃંદાવનમાં ખુબ જ મતભેદ છે, પણ તે પણ અહીં વાતનો વિષય નથી. મુખ્ય વાત એ છે કે રુક્ષ્મણીનું પણ જ્યાં સ્થાન નિમ્ન છે, એવી રાધા આખરે છે શું? આપણે જોયું તેમ રાધા એ શ્રીકૃષ્ણની અત્યંત નજીક, અથવા એમ કહો કે એકાકાર અસ્તિત્વ છે. શરીરે કદાચ ભલે બન્ને ભિન્ન હોય, પણ એક એવી કક્ષા કે જ્યાં મન બુદ્ધિ ચિત્ત એક હોય, રાધા એટલે એવી જ એક ચૈતસિક કક્ષા. રાધા એટલે ત્યાગ, વૈરાગ્ય, સમર્પણ! જે પ્રેમનાં જ મુખ્ય અંગો ગણવામાં આવ્યા છે, તેની સર્વોપરી સત્તા છે. એટલે કે આનાથી વિશેષ પ્રેમ માટે કોઈ કંઈ ત્યાગી ન શકે, વૈરાગ અર્જિત કરી શકે નહીં ,અને સમર્પણ પણ નહીં. ચિત્તની આ દશા એટલે રાધા.આજ પર્યંત રાધા શબ્દ શ્રીકૃષ્ણની પહેલા લેવામાં આવે છે, અથવા બોલવામાં આવે છે. એનું કારણ પણ એ જ રહ્યું છે, કે મુખ્ય શક્તિ સ્રોત હંમેશા રાધા રહ્યા છે. ત્યાં બલિદાન, વૈરાગ, સમર્પણ પ્રેમ, એ દૈવીય સંપદાના ગુણ એ શરીરનાં અંગો માંથી ઉભરાતું દેખાતું જો કોઈ વ્યક્તિત્વ કે, અસ્તિત્વ હોય તો તે રાધા છે. આમાં શરીરનો કોઈ રોધ કે અવરોધ નથી, ફક્ત અને ફક્ત બોધ છે. એટલે કે શરીર રચના એ પછી સ્ત્રીની હોય, કે પુરુષની હોય, લિંગભેદને આમાં સ્થાન નથી, અને એનો દાખલો આપણને નરસૈયો પૂરો પાડે છે, બિલકુલ એવા ભાવ ધરીને તે રાધા બનીને શ્રી કૃષ્ણનો પ્રેમ પામ્યાં! અને એ પણ કેટલી સદીઓ પછી. યુગો યુગોથી જીવ ઈશ્વરને, જોવા-જાણવા અને માણવા માટે થઈને કેટકેટલા યત્ન કરે છે. નરસૈયો તો આપણને સંસારી માટે એકદમ સરળ એવા સાધન બતાવે છે, અને ભોગમાં યોગ સાધવાનું શીખવી જાય છે, અને ભજન કિર્તન થકી પણ એ શુદ્ધ પ્રેમને પામી શકાય છે. રાધા એટલે જ શક્તિ! રાધા એટલે જ ભક્તિ! અને રાધા એટલે જ મુક્તિ એ ત્રિપરિમાણીય સત્ય છે, અને આજે પણ રાધા નામનાં સાર્વભૌમ તત્વને નરસિંહ મીરાંના પદથી આત્મસાત કરીએ જ ભાવને અર્જિત કરી શકીએ છીએ, પણ છતાં આપણાથી તે થતું નથી. એનું મુખ્ય કારણ જાગૃતિનો અભાવ છે, અને એટલે નાની નાની વાતમાં અહમ, આગ્રહ, અપમાન, જ્ઞાતિમાં ઊંચનીચ, કે ધર્મ સંપ્રદાયને કારણે વિખવાદ થતો રહે! અને એટલે તત્વતઃ શુદ્ધ પ્રેમથી વંચિત રહીએ છીએ, પણ જાગૃત રહીને આ બધાં ભાવની સમાપ્તિ થાય, તો જ એ તત્વતઃ શુદ્ધ પ્રેમ એટલે રાધા સમજાય. દરેકનાં હ્રદયમાં પ્રેમનાં સામ્રાજ્યની સ્થાપના વગર સમાજની દશા બદલી શકે એમ નથી, ત્યારે આપણે પણ રાધા જેવા અમર પ્રેમનો ભેખ ધરીને આ ભગીરથ કાર્ય પાર પાડીએ.જય રાધા વલ્લભ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# રાજકોટના ઉદ્યોગકારો વિશ્વફલક ઉપર પ્રસ્થાપિત થાય એજ BNIની નેમ

## રાજકોટમાં સંસ્થાને સાત વર્ષ પૂર્ણ : ૨૨૦૦ કરોડનો કર્યો વ્યાપાર

રાજકોટ, તા. ૩૦
કેન્દ્ર સરકારનો લક્ષ્ય એક જ છે કે વધુને વધુ ભારતીય ઉત્પાદન નિકાસ તરફ ડોટ મૂકે ત્યારે ઘણી ખરી બિઝનેસ એટલે કે વ્યાપાર વૃદ્ધિ માટે ચાલતી સંસ્થાઓની જવાબદારી પણ વધી જતી હોય છે ત્યારે ગઈકાલે વિશ્વના ૭૬ દેશોમાં એક વ્યવસાયની મજબૂત સાકળ જે ઊભી થઈ છે તેવી બિઝનેસ નેટવર્ક ઈન્ટરનેશનલ એટલે કે બીએનઆઇએ સાત વર્ષ પૂર્ણ કર્યા છે. અને આ સાત વર્ષમાં રાજકોટની જો વાત કરવામાં આવે તો ખૂબ સારું નેટવર્ક ઊભું કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સંસ્થા હોવાથી હાલ બિઝનેસ નેટવર્ક ઈન્ટરનેશનલ સાથે ત્રણ લાખથી પણ વધુ ઉદ્યોગકારો જોડાયા છે અને આ સંસ્થા ચાલીસ વર્ષ પૂર્વે શરૂ થઈ હતી જ્યારે ભારતમાં આ સંસ્થાને ૨૦ વર્ષ જેટલો માતબર સમય વીતી ગયો છે. રાજકોટમાં સાત વર્ષ પૂર્ણ થતાં BNI સદસ્યો માટે ગઈકાલે એક વિશિષ્ટ બિઝનેસ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સંસ્થા સાથે ૬૯ હજાર બિઝનેસ ઓનર જોડાયેલા છે જેમાં રાજકોટમાં ૭૫૦ થી વધુ બિઝનેસમેનો જોડાયેલા છે રાજકોટમાં બધા બિઝનેસ ઓનર ભેગા મળીને અત્યાર સુધીમાં ૨૨૦૦ કરોડ નો બિઝનેસ કર્યો છે, વર્ષે એક મેમ્બરને સરેરાસ ૯૦ લાખ આસપાસનો બિઝનેસ મળતો હોય છે.BNI ની કોર વેલ્યુ ગીવર્સ ગેઇન છે જેમાં એકબીજાને મદદ કરવાની ભાવનાથી આ સંસ્થા અને બિઝનેસ ઓનર સાથે મળીને કાર્ય કરે છે, બીજી કોર વેલ્યુ બિલ્ડિંગ રિલેશનશિપ છે એટલે કે સબંધ અને વિશ્વાસના દમ પર જોડાયેલા છે જેના લીધે એ એકબીજા સાથે વ્યાપારીક સેતુ વધુ મજબૂત બનાવી શકે છે વ્યાપારિક નેટવર્કને વધુ મજબૂત બનાવવા અને સદસ્યો વચ્ચે વ્યવસાયિક ચર્ચા અને રિફરલની ગહન સમજૂતી એ મુખ્ય હેતુ છે

વિશ્વના ૭૬ દેશો સાથે જોડાયેલા BNI બિઝનેસ મેન વચ્ચે સીધી વાતચીત અને સ્થાનિક ઉદ્યોગકારોને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનો વ્યાપ વધારવાનો અવસર અહીં પ્રાપ્ત થાય છે BNI માં બિઝનેસ ઉપરાંત અન્ય એક્ટિવિટીઝ પણ કરે છે જેમાં સ્પોર્ટ્સ ઈવેન્ટમાં ક્રિકેટ, મલ્ટીપલ્સ ગેમ્સ . ફેમિલી સોશિયલ, આઉટડોર ફેમિલી ટૂર કરતા હોય છે જેના દ્વારા રિલેશન સારા બને અને ધંધો વધુ



સારી રીતે કરતા હોય છે, રાજકોટમાં BNI ને સાત વર્ષ પૂર્ણ થતા યોજાનારી વાર્ષિક પ્રસંસ્થ ઈવેન્ટમાં ૫૫૦ થી વધુ બિઝનેસમેનો જોડાયા છે આ સેલિબ્રેશનમાં વર્ષ દરમિયાન સારું પર્ફોમન્સ કરનાર બિઝનેશમેનોને એવોર્ડથી નવાજવામાં આવશે,આ ઈવેન્ટમાં હોલીવુડ નાઈટનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં બોલિવૂડ સિંગર રૂપાલી જગા ખાસ ઉપસ્થિત રહી મનોરંજન પૂરું પાડ્યું હતું, આ ઈવેન્ટમાં તમામ મેમ્બર ફેમિલી સાથે બેસીને ભોજન લીધા બાદ મનોરંજન માણી શકે એવું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે તેમ BNI ના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર કશ્યપભાઈ છોટાઈ એ જણાવ્યું હતું.

ટ્રમ્પના ટેરિફ વચ્ચે ભારત પોતાનો નિકાસ આગળ ધપાવે તે માટે પણ બિઝનેસ નેટવર્ક ઈન્ટરનેશનલ દ્વારા આવનારા દિવસોમાં એક વિશેષ હાથ ધરવામાં આવશે એટલું જ નહીં આ સંસ્થાએ જણાવ્યું હતું કે હાલ જે રીતે દેશ વિકાસ કરી રહ્યું છે તે રીતે આગામી દિવસોમાં વ્યવસાયમાં પણ વ્યાપક વૃદ્ધિ જોવા મળશે તેમાં કોઈ શંકા ને સ્થાન નથી અને આ કાર્યમાં બિઝનેસ નેટવર્ક ઈન્ટરનેશનલ સંપૂર્ણપણે સહભાગી થશે.

### ટ્રાયલ કોર્ટ સમક્ષ ચાલુ ચાલ દરમિયાન આરોપી તરફથી કુલ ૧૨ રિવિઝન અરજીઓ કરાઈ: રાજકોટની ટ્રાયલ કોર્ટથી લઈ સુપ્રીમ કોર્ટ સુધી ચાલી કેસની લડત

# ચર્ચાસ્પદ ચેક રિટર્ન કેસમાં આરોપી નિખીલ પુજારાની સજા કાયમ રાખતી સુપ્રીમ



રાજકોટ, તા. ૩૦
ટ્રાયલ કોર્ટ સમક્ષની ચાલુ ટ્રાયલ દરમ્યાન આરોપી તરફેથી કુલ ૧૨ રીવીઝન અરજીઓ કરી હાઈકોર્ટ સુધી ખેલાયેલ કાનુની જંગવાળા સૌરાષ્ટ્રના ચર્ચાસ્પદ ૧ કરોડ ૪૪ લાખના ચેક રીર્ટન કેસમાં આરોપી નીખીલ પુજારાને ૪ વર્ષની કેદ સાથે ચેકની રકમનો ડબલ ૨ કરોડ ૮૮ લાખનો દંડ ફટકારવામાં આવેલ હુકમો સામે નિખીલએ રાજકોટની સેશન્સ અદાલતમાં દાખલ કરેલ બંને અપીલો ચાલી જતા સેશન્સ અદાલતે ટ્રાયલ કોર્ટના હુકમો કાયમ રાખી બંને અપીલો નામંજુર કરતા તે બંને હુકમો હાઈકોર્ટમાં પડકારવામાં આવતા હાઈકોર્ટે અગાઉ ચેકની રકમના ૨૫% રકમ નિખિલ પુજારાએ જમા કરાવેલ તે ઉપરાંત ૪૦% રકમ જમા કરાવવા કરેલ હાઈકોર્ટના હુકમો નિખિલ પુજારાએ સુપ્રિમ કોર્ટમાં પડકારતા નિખિલ પુજારાની સ્પેશ્યલ લીવ ટુ અપીલ(ક્રિમીનલ) સુપ્રિમ કોર્ટે નામંજુર કરતો હુકમ ફરમાવેલ છે.

પેડક રોડ ઉપરના રહેવાસી ફરિયાદી ભરતભાઈ નાગજીભાઈ તળાવીયાએ સિદ્ધાર્થ ઓટો જંકશનના માલીક નિખિલ દયાળજી પુજારા વિરૂદ્ધ બોંતેર-બોંતેર લાખના બે ચેકો પર રીટર્ન થયાની ફરિયાદ કોર્ટમાં નોંધાવી હતી. જે કેસો ચાલી જતા ટ્રાયલ કોર્ટે બંને કેસોમાં આરોપીને બે-બે વર્ષની સજા અને ચેકની રકમનો ડબલ દંડ ફરમાવતો ઐતિહાસિક ચુકાદો સૌ પ્રથમ રાજકોટની ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલ હતો. જે બંને હુકમો અપીલોના માધ્યમથી રાજકોટની સેશન્સ અદાલતમાં પડકારવામાં આવતા અપીલો ચાલી જતાં ટ્રાયલ કોર્ટના હુકમો કાયમ રાખી નિખિલ પુજારાની અપીલો રદ કરવામાં આવેલ જે સેશન્સ અદાલતન બંને હુકમોને નિખિલ પુજારાએ હાઈકોર્ટમાં પડકારેલ હતા.

જેમાં નિખિલ પુજારાએ અગાઉ ચેકની રકમના ૨૫% રકમ જમા કરાવેલ ઉપરાંત વધુ ૪૦% રકમ જમા કરાવવા અને તે ફરીયાદીને આપવા હાઈકોર્ટે ફરમાવેલ હુકમો નિખિલ પુજારાએ સુપ્રિમ કોર્ટમાં પડકારેલ હતા. સુપ્રિમ કોર્ટ ધ્વારા દલીલો પર વિચાર કર્યા પછી અપીલો મંજુર કરવા માટેનું કોઈ ખાસ કારણ જણાય ન આવતા અપીલો મેરીટસ પર સુપ્રિમ કોર્ટે નામંજુર કરતો હુકમ ફરમાવેલ છે.આ કેસમાં ફરિયાદી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, પાર્થ સંઘાણી, જસ્મીન દુધાગરા, જય પીઠવા, તથા મદદમાં યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, ભાવીન ખુંટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ તથા હાઈકોર્ટના આશીષ ડગલી રોકાયેલ હતા.

# મામલતદારોને જન્મ મરણ નોંધણીની આપી સત્તા

## રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા ખાસ હુકમ : કામગીરી થશે ફટાફટ : પ્રાંત અધિકારીઓનું ઘટશે ભારણ

રાજકોટ, તા. ૩૦
સ્થાનિક પ્રશાસનમાં જો કોઈ વધુ કામગીરી થતી હોય તો તે જન્મ મરણ નોંધણીની છે ત્યારે ખરા અર્થમાં લોકોને આ કામગીરીમાં હેરાનગતિ ન થાય તે માટે તંત્ર એ યોગ્ય પગલાં લેવા ખૂબ જરૂરી છે જે વાતની ગંભીરતાને ધ્યાને લઈ ગઈકાલે કલેકટરે ખાસ મામલતદારોને આ નોંધણી કરવાની સત્તા સોંપી દીધી છે અને હવે પ્રાંત અધિકારીઓનું ભારણ પણ ઘટાડ્યું છે.



રાજકોટ જિલ્લામાં જન્મ-મરણ નોંધણીની કામગીરી ઝડભેર કરી લોકોને નિયત સમયે નોંધણીની સેવામાં મળી રહી માટે રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા ખાસ હુકમ કરી જિલ્લાના તમામ મામલતદારોને જન્મ મરણની વિલંબિત નોંધણી માટે અધિકૃત કર્યા છે. જિલ્લા કલેકટરના આ હુકમથી હવે પ્રાંત અધિકારીઓને કામગીરીનું ભારણ ઘટશે. ભારત સરકારના કાયદા વિભાગે જન્મ-મરણ નોંધણી(સુધારા) કાયદો-૨૦૨૩ ની કલમ-૧૧ ની પેટા કલમ-૩ મુજબ વર્ષે-૧૯૬૯ ના મુળ કાયદાની કલમ-૧૩ માં થયેલ જન્મ-મરણની વિલંબથી થતી નોંધણી અંગેની જોગવાઈમાં સુધારો કરી કોઈપણ જન્મ અથવા મૃત્યુ કે જેની વિલંબીત માહિતી તેની ઘટનાના એક વર્ષ પછી રજીસ્ટ્રારને આપવામાં આવે છે તેની નોંધણી માત્ર જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ અથવા જયાં જન્મ અને મૃત્યુ થયુ છે તે વિસ્તાર પર અધિકાર ક્ષેત્ર ધરાવતા જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા અધિકૃત કરવામાં આવેલ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટના હુકમ આધારે જન્મ અને મૃત્યુની સત્યતાની ચકાસણી કર્યા પછી અને આવી ફી ચૂકવણી થયા બાદ નોંધણી કરી શકશે.જે અન્વયે રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા ભારત સરકારના જન્મ અને મૃત્યુની નોંધણી અધિનિયમ-૧૯૬૯માં થયેલા જન્મ-મરણ નોંધણી(સુધારા) કાયદો-૨૦૨૩ ની કલમ-૧૧ ની પેટા કલમ-૩ મુજબની હકિકત ધ્યાને લઈ જિલ્લામાં જયાં જન્મ અને મૃત્યુની નોંધણી થાય રાજકોટ જિલ્લા કલેકટરે તમામ મામલતદારોને સત્તા સુપરત કરી છે.

તે વિસ્તાર પર અધિકાર ક્ષેત્ર ધરાવતા તમામ સંબંધીત તાલુકાના મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટને જન્મ-મરણની વિલંબીત નોંધણી બાબતે નિયમોનુસારની નોંધણી કરવા અંગેની કાર્યવાહી કરવા માટે અધિકૃત કરવા હુકમ કર્યો છે. લોકોને જન્મ-મરણની નોંધણીની પ્રક્રિયા હળવી અને ઝડપી કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ કામગીરી પર કાર્યવાહી કરાઇ છે.લોકોને સમયસર કામગીરી મળશે ત્યારે જ તેમની જરૂરિયાત પૂર્ણ થઈ શકશે.

# સર્વેશ્વર ચોક કા રાજા ખાતે બ્લડ ડોનેશન કેમ્પ

## સંપૂર્ણપણે ચોખ્ખાઈ હોવાથી ભકતો કલાકો સુધી બેસીને ભક્તિરસના ગીતોનો માણે છે આનંદ

રાજકોટ, તા. ૩૦
રાજકોટ શહેરમાં ડો. યાશિક રોડ ઉપર સર્વેશ્વર ચોકમાં આવેલ ''રામ મંદિર'' ની થીમ પર આધારીત પંડાલમાં ગઈ કાલે સાંજે મહાઆરતીમાં ''દ્વારીકા ગ્રુપ''ના અર્જુનભાઈ ખાટરીયા (જીલ્લા પંચાયત સભ્ય) તથા નીલેશભાઈ ડાંગર તથા મયુરભાઈ ડાંગર તથા જયરાજસિંહ જાડેજા (માખાવડ) તથા નિર્મલભાઈ મેતા તેમજ અગ્રણી મયુરસિંહ જેઠવા સહ પરીવાર, રાજકોટ શહેર ભાજપ ઉપાધ્યક્ષ કાશ્મીરાબેન નથવાણી તથા લીલુબેન જાદવ શાશક પક્ષના નેતા તથા બેસ્ટ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ વાળા દિપકભાઈ કારીયા સહપરિવાર ઉપસ્થિતિ રહીને લાભ લીધો હતો. તેમજ ટ્રાફીક પી.આઈ. બારોટએ સહપરિવાર દર્શનનો લાભ લીધો હતો.





સર્વેશ્વર ચોકમાં રાત્રે જાણે કે મેળો હોય તે રીતે ભકતો દર્શન કરવા ઉમટે છે તથા તેમને ''મંકમેન મનોરંજન પણ આપે છે તથા સર્વેશ્વર ચોકમાં સંપૂર્ણપણે ચોખ્ખાઈ હોવાથી ભકતો કલાકો સુધી બેસીને ભક્તિરસના ગીતોનો આનંદ પણ માણે છે તથા નાના બાળકો ડાન્સ પણ કરે છે. સર્વેશ્વર ચોક ચેરીટેબલ ટ્રસ્ટ ધ્વારા આવતી કાલ સાંજે ૫ વાગ્યા થી ૧૨ વાગ્યા સુધી બ્લડ ડોનેશન કેમ્પ હોય મોટી સંખ્યામાં ભક્તોને બ્લડ ડોનેટ કરવા અપીલ કરવામાં આવે છે.

ગણપતિ મહોત્સવ દરમ્યાન દરરોજ સવારે ૮-૩૦ કલાકે મંગળા આરતી સાંજે ૭-૪૫ કલાકે મહાઆરતી તથા રાત્રે ૧૨-૦૦ કલાકે શયન આરતી કરવામાં આવે છે. અહીં રોજ ૩૦,૦૦૦ થી ૪૦,૦૦૦ ભાવિકો આરતી અને દર્શનનો લાભ લ્યે છે. તેમજ તમામ ભાવિકોને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્પોર્ટ્સ ફેસિલિટી મરણપથારીએ

## હોકી ગ્રાઉન્ડની પણ સ્થિતિ અત્યંત દયનીય : યુનિવર્સિટીના સત્તાધીશોનું નથી હલતું પેટનું પાણી

રાજકોટ, તા. ૩૦
રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિવાદ અને છબરડાની કાયમી સમસ્યા જોવા મળે છે.અનેક વખત વિવાદોના ચોપડે ચળી ચૂકી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માં શૈક્ષણિક કાર્ય સાથે યુનિ.ના દ્વારા થયા છબરડાઓ પણ સામે આવી ચૂક્યા છે.થોડા સમય પહેલા સૌરાષ્ટ યુનિવર્સિટીમાં લાખો રૂપિયાની ચોરીની ઘટના પ્રકાશમાં આવી હતી. આ ઘટના માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ઘોર નિંદ્રામાં હોય તેવું સામે આવ્યું હતું. ફરી એક વખત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ચર્ચામાં આવી છે.સૌ. યુનિ.ની અંદર આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્વિમિંગ પૂલ અને હોકીનું ગ્રાઉન્ડ વેરાન બની ગયા છે. છતાં સતાધીશોના પેટમાં પાણી હલતું નથી. તેના પર સવાલો ઉઠ્યા છે.

મળતી વિગત મુજબ,સૌરાષ્ટ્ર યુનિ. કેમ્પસ ઉપર આવેલા સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટસ કોમ્પલેક્સમાં રૂા.૩ કરોડના ખર્ચે એસ્ટ્રોટર્ફ હોકીનું મેદાન તૈયાર કરવામાં આવ્યું





છે. જેનો ઉદેશ સૌરાષ્ટ્ર યુનિ.માંથી હોકીના ખેલાડીઓ તૈયાર થઈ રાજ્ય અને રાષ્ટ્રીયકક્ષાએ કાઠીયાવાડનું નામ રોશન કરે તેવો હતો. પરંતુ કમનસીબે છેલ્લા ૬-૭ વર્ષથી યુનિ.માં હોકીના કોચની નિમણુંક કરવામાં આવી નથી. પરિણામે આખા વર્ષ દરમિયાન યુનિ. કેમ્પસમાં આવેલું હોકીનું આધુનિક મેદાન કોઈ ઉપયોગ વિના પડતર જોવા મળે છે. રમત-ગમતની વિવિધ સ્પર્ધાઓ યોજાશે દરમિયાન હોકીના નિષ્ણાંત ખેલાડીઓએ સૌરાષ્ટ્ર યુનિ. કેમ્પસમાં આવેલા એસ્ટ્રોટર્ફ હોકીના ગ્રાઉન્ડ સહિતની સુવિધાઓના સંદર્ભમાં જણાવ્યું હતું કે હોકીની રમતમાં આગળ વધવા માટે ખેલાડી પાસે સહનશીલતા, ધીરજ અને ચપળતા જોઈએ જે મેજર ધ્યાનચંદની હોકીની રમતમાં જોવા મળતા હતા.

હોકીની રમતના પ્રશિક્ષણ ન ચાલે. કોચ પણ જોઈએ જે ખેલાડીમાં આત્મવિશ્વાસ સાથે હોકીની રમત પ્રત્યેનું કૌશલ્ય વિકસાવે. સૌરાષ્ટ્ર યુનિ. કેમ્પસમાં આવેલા જુદા-જુદા ૧૯ ગ્રાઉન્ડ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ સરકારે કર્યો છે પરંતુ કોચના અભાવે મેદાનો નકામા બની ગયા છે. ક્રિકેટ ઉપરાંત બાસ્કેટબોલ, લોનટેનીસ, ફૂટબોલ, ખો-ખો, વોલીબોલ જેવી રમતો પાછળ લાખો રૂપિયાના ખર્ચે મેદાન તૈયાર કરવામાં આવ્યા છે. પરંતુ આજ સુધીમાં માત્ર બેડમિંગ્ટન અને જીમનેશિયમા કોચની કામચલાઉ ધોરણે નિમમઉંક કરવામાં આવી છે. કાયમી કોચ એક પણ રમતના નથી.શારિરીક શિક્ષણ નિયામકની ખાલી જગ્યા ઉપર ક્યારે નવી નિમણૂંક થશે તે નિશ્ચિત નથી. બોર્ડ ઓફ સ્પોર્ટસની આગામી બેઠકમાં યુનિ.ના કિંમતી મેદાનોના સંચાલનનો નિર્ણય લેવાનો છે પરંતુ આ બેઠક અનિર્ણિત છે.આ સ્થિતિમાં હોકીની રમતનાં નિષ્ણાંત ખેલાડીઓ તૈયાર કરવાનું કામ યુનિ. માટે કપરૂ નહીં અશક્ય છે તેમ કોલેજોના શારિરીક શિક્ષણના સીનીયર અદયાપકોએ જણાવી રમત-ગમત પ્રત્યેના નિરૂત્સાહી વલણ સામે રોષ વ્યકત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત તેની સંલગ્નકોલેજોમાં અંદાજિત અઢી લાખ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી પોતાની કારકિર્દીનો પાયો ઘડે છે. વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધા મળે છે પરંતુ તેને ચલાવવા માટેના કોચ મળતા ન હોવાથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત શિક્ષણ જગત માટે નીચું જોવા જેવી બાબત છે. આગામી સમયમાં અંતરરાષ્ટ્રીય કક્ષાના સ્વિમિંગ પૂલ અને હોકીનું ગ્રાઉન્ડ વિદ્યાર્થી ઉપયોગી થશે કે નહીં એ તો હવે જોવાનું રહ્યું.

### અપમૃત્યુની ચાર અલગ અલગ ઘટનાઓમાં પરિવારોએ ગુમાવી દીધા સ્વજનો

# અકસ્માતમાં ૧૬ વર્ષના કિશોર, ૭૨ વર્ષના વૃધ્ધનું મોત

## સગીર મામાના વાહનમાં બેસી માસીના ઘરેથી નીકળ્યો ને કાળ ભેટ્યોઃ વૃધ્ધ કામ પુરૂ કરી બોલેરો લઇ ઘરે જતાં હતાં અને ગોંડલ રોડ ચોકડીએ જીવલેણ અકસ્માત નડ્યોઃ એક વૃધ્ધે બિમારીથી કંટાળી આપઘાત કર્યો, એક પ્રૌઢને શ્વાસની તકલીફ થતાં શ્વાસ રૂંધાયા



રાજકોટ તા. ૩૦

વાહન અકસ્માતની ઘાત વધુ બે લોકો માટે જીવલેણ સાબીત થઇ હતી. રોજબરોજ કોઇને કોઇ શહેર કે ગામના રસ્તાઓ પર વાહન અકસ્માત સર્જાતા રહે છે. જેમાં ક્યારેક ઇજાઓ થાય છે તો ક્યારેક વાહનચાલકના ભોગ લેવાઇ જાય છે. આવી વધુ બે ઘટનામાં સોળ વર્ષના સગીરનું અને બોંતેર વર્ષના વૃધ્ધની જિંદગી પુરી થઇ ગઇ હતી. જામનગરના લાલપુર પાસેના પીપળટોળા ગામ નજીક ડમ્પરે મોટરસાઇકલને ઉલાળી દેતાં જામગનર રહેતાં મામા-ભાણેજ ફંગોળાઇ જતાં ગંભીર ઇજાઓ થઇ હતી. જેમાંથી સોળ વર્ષના ભાણેજનું મોત થયું હતું. બીજી ઘટના રાજકોટના ગોંડલ રોડ બ્રીજ પર બની હતાં. જેમાં ટ્રક બોલેરો સાથે અથડાતાં બોલેરોના ચાલક વૃધ્ધનું મોત થયું હતું. અપમૃત્યુના અન્ય બનાવમાં એક વૃધ્ધે બિમારીથી કંટાળી આપઘાત કરી લીધો હતો, જ્યારે એક બનાવમાં એક પ્રૌઢનું શ્વાસ ચડ્યા બાદ બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો જામનગર ગોકુલનગરમાં રહેતો હિરેન દિલીપભાઇ રાંદલપરા નામનો સોળ વર્ષનો તરૂણ પોતાના મામા સત્યાવીસ વર્ષના મનિષભાઇ અરજણભાઇ નતાવીયાના મોટરસાઇકલ પાછળ બેસી પાનેલી ગામેથી જામનગર આવી રહ્યો હતો ત્યારે રસ્તામાં પીપળટોળા ગામ નજીક ડમ્પરે બાઇકને ઠોકરે લેતાં મામા-ભાણેજ બંને ફંગોળાતા ઇજાઓ થઇ હતી. તેમને જામનગર હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાંથી ભાણેજ હિરેનને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેણે દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

મૃત્યુ પામનાર હિરેન બે ભાઇમાં નાનો હતો. હાલ ભણતો નહોતો. તે પાનેલી રહેતાં માસીના ઘરે આટો મારવા ગયો હતો અને ત્યાંથી મામા સાથે પરત જામનગર આવી રહ્યો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. રાજકોટમાં મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

બીજી ઘટના પર નજર કરીએ તો રાજકોટનાં ગોંડલ રોડ ચોકડીએ ટ્રક અને બોલેરો સામ-સામે અથડાતાં ગોંડલ રોડ પુનીતનગર વૃંદાવન સોસાયટીમાં રહેતાં બોલેરોના ચાલક વૃધ્ધનું ગંભીર ઇજા થવાથી મૃત્યુ નિપજ્યું થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. રાત્રીના સમયે ગોંડલ ચોકડી પાસે સાંઢીયા પૂલ પર અજાણ્યા ટ્રક અને બોલેરો વચ્ચે અકસ્માત સર્જાતા બોલેરોના ચાલક બોંતેર વર્ષના વૃંદાવન સોસાયટીના કરમણભાઇ જાદવભાઇ ભુંડીયાને ગંભીર ઇજા પહોંચી હતી. આ બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. કોઇએ જાણ કરતાં ૧૦૮ આવી હતી અને ગંભીર ઇજાગ્રસ્ત વૃધ્ધ કરમણભાઇને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં.

પરંતુ અહિ સારવાર દરમિયાન મોડી રાતે મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મૃત્યુ પામનાર વૃધ્ધ કરમણભાઇ પાંચ બહેન અને બે ભાઇમાં વચેટ હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. કરમણભાઇ પોતે કુવાડવા રોડ આઇઓસી પ્લાન્ટમાં ગેસના બાટલાની હેરફેર કરવાનું કામ કરતાં હતાં. રાતે તેઓ બોલેરોમાંથી બાટલા ખાલી કરી પ્લાન્ટથી ઘરે જવા નીકળ્યા ત્યારે રસ્તામાં આ બનાવ બન્યો હતો. આજીડેમ પોલીસે ટ્રકચાલક સામે કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી હતી.

અપમૃત્યુની અન્ય ઘટનામાં શહેરના ૧૫૦ રીંગ રોડ ઉમિયા ચોક ગોકુલધામ સોસાયટી શેરી નં. ૫ જલજીત મેઇન રોડ પર ગાર્ડનની સામેની શેરીમાં રહેતાં હસમુખભાઇ પ્રભાશંકરભાઇ ઠાકર કે જેઓ પાંસઠ વર્ષના હતાં તેમણે છતના હુકમાં દોરી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આ બનાવની જાણ ૧૦૮ના ઇએમટી કરીશ્માબેન મારફત થતાં કન્ટ્રોલ રૂમ ઇન્ચાર્જ એલ. બી. ડીંડોરે જાણ કરતાં માલવીયાનગરના હેડકોન્સ. ડી. પી. બગડા સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર વૃધ્ધ બે બહેનના એકના એક મોટા ભાઇ હતાં. હાલ તેઓ નિવૃત જીવન જીવતાં હતાં. કેન્સરની બિમારી હોઇ તેના કારણે કંટાળી જઇ આત્મહત્યા કરી લીધી હતી.

અપમૃત્યુના ચોથા બનાવમા રૈયા રોડ વૈશાલીનગર શેરી નંબર ૧૦મા આવેલા ભરવાડવાસમાં રહેતાં રાજુભાઇ રામમુર્તિભાઇ મદ્રાસી નામના સતાવન વર્ષના પ્રૌઢ રાતે ઘરે હતાં ત્યારે શ્વાસ લેવામાં તકલીફ થતાં બેભાન જેવા થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી. આ તમામ ઘટનાઓમાં સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા, ધર્મેન્દ્રભાઇ હુદડ, પ્રકાશભાઇ રાઠોડ અને ધર્મેન્દ્રભાઇ ચાવડાએ જે તે પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં આકસ્મીક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઘટનામાં સ્વજનો ગુમાવનારા પરિવારોમાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

# રાજકોટ સીટી પોલીસ-ઇન્કમટેક્સ વચ્ચે રમાય ફ્રેન્ડલી હોકી મેચ

## હોકી કોચ મહેશ દિવેચાનું પોલીસ કમિશનર તથા ચીફ કમિશનર ઇન્કમટેક્સ દ્વારા કરાયું સન્માન





રાજકોટ, તા. ૩૦

ગઈકાલે મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ ખાતે હોકી રાજકોટ તથા રાજકોટ સીટી પોલીસ દ્વારા નેશનલ સ્પોર્ટ્સ ડે ના ઉજવણીના ભાગરૂપે ફ્રેન્ડલી મેચનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં રાજકોટ સીટી પોલીસ અને ઇન્કમટેક્સની ટીમ વચ્ચે મેચ યોજાયો હતો. મેચ પૂર્વે પોલીસ કમિશનર તથા ઇન્કમટેક્સના ચીફ કમિશનર દ્વારા કેક કટીંગ કરવામાં આવી હતી જેમાં હોકી ગુજરાતના વાઇસ પ્રેસિડેન્ટ મહેશભાઈ દિવ્યાચાનું પોલીસ કમિશનર તથા ઇન્કમટેક્સ કમિશનર દ્વારા હોકિસ્ટિક આપી સન્માન કરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનર બ્રજેશકુમાર જા, ઇન્કમટેક્સના ચીફ કમિશનર સતીશ ગોયલ, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, સજ્જન સી પરમાર, ડીસીપી જોન વન અને ઝોન ટુ સહિત તમામ ટોચના અધિકારીઓ હાજર રહ્યા હતા.

### જર જમીન ને જોરૂ કજીયાના છોરૂ...કહેવત વધુ એક વખત સાચી ઠરી

# આધેડને જમીનના ડખ્ખામાં ભત્રીજાએ જ ઢાળી દીધા

## માલઢોર ચરાવવા ગયેલા આધેડને બોથડ-તિક્ષણ ઘા મારી હત્યા કરાયેલી લાશ મળતાં પોલીસે તપાસ કરતાં ઘરના જ ઘાતકી નીકળ્યાઃ ભત્રીજાને ઝડપી લેવાયો

રાજકોટ, તા. ૩૦

જર જમીન ને જોરૂ ત્રણેય કજીયાના છોરૂ એ કહેવતને સાચી ઠેરવતી વધુ એક ઘટના સામે આવી હતી. જેમાં એક વૃધ્ધને તેના સગા ભત્રીજાએ જમીનના વિવાદને કારણે મોતને ઘાટ ઉતારી દીધા હતાં. શરૂઆતમાં આ ઘટનામાં હત્યા કોણે અને શા માટે કરી તેની કોઇ માહિતી સામે આવી નહોતી. મર્ડર મિસ્ટ્રી ઉકેલવા પોલીસની ટીમો કામે લાગી હતી અને ચોંકાવનારી હકિકત ખુલી હતી. ઘરના જ ઘાતકી બન્યાનું ખુલતાં હત્યાના આરોપીઓને પોલીસે દબોચી લીધા હતાં. હત્યાનો ભોગ બનનાર આધેડ સતત પોતાની જમીન વેંચી નાખવી છે એવી વાતો કરતાં હોઇ ભત્રીજો કાળઝાળ બની કાતીલ બની ગયો હતો.




વિગતો પર નજર કરીએ તો સાવરકુંડલા તાલુકાના મઢડા ગામે માલઢોર ચરાવવાનો ધંધો કરતા એક આધેડની રાત્રે અજાણ્યા શખ્સોએ માથામાં તીક્ષણ અને બોથડ પદાર્થના ઘા મારી હત્યા કરી નાખ્યાની ઘટના સામે આવી હતી. જો કે આ આધેડની હત્યા કોણે અને શા કારણે કરી તે હજુ સ્પષ્ટ થયુ ન હોઇ પોલીસે ટીમો બનાવીત પાસ શરૂ કરી હતી. મઢડા ગામની સીમમાં જીલુભાઈ ખોખાભાઈ વાઘોશી નામના આધેડની હત્યા થઈ ગઈ હતી. પોલીસ સુત્રોમાંથી જાણવા મળતી વિગત અનુસાર મૃતક જિલુભાઈ મઢડામાં તેમના ભત્રીજા ઘોહાભાઈ બચુભાઈ સાથે રહેતા હતા અને માલઢોર ચરાવવાનો ધંધો કરતા હતા. રાત્રે તેઓ ઘરે આવ્યા ન હતા. સવારના સમયે ગામમાં જવાના જુના રસ્તે પાણીના એક વહેતા ખાળિયા પાસે તેમની લાશ પડેલી મળી આવી હતી.

બાદમાં તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત પ્રથમ વિજપડી દવાખાને અને બાદમાં સાવરકુંડલા દવાખાને લઈ જવાયા હતા. હત્યાનો ભોગ બનનાર મૃતક જીલુભાઈના કુટુબી મઢડામાં પ્લોટ વિસ્તારમાં રહેતા બાબુભાઈ જેઠુરભાઈ વાઘોશી હોસ્પિટલે દોડી આવ્યા હતા અને તેમના કૌટુબીક કાકા જીલુભાઈની હત્યા અંગે અજાણ્યા શખ્સો સામે સાવરકુંડલા રૂરલ પોલીસને ફરિયાદ આપી હતી. જેમાં તેણે જણાવ્યું હતું કે તેમના કૌટુબીક કાકાને માથામાં તિક્ષણ અને બોથડ પદાર્થના ઘા મારવામાં આવ્યા હતા. એટલું જ નહી તેમનો હાથ પણ ભાંગી નાખવામાં આવ્યો હતો. બાદમાં તેમની લાશને ફોરેન્સીક પીએમ માટે ભાવનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

જીલુભાઈની હત્યા અજાણ્યા શખ્સોએ કરી હતી. જો કે ક્યા હથિયારથી હત્યા કરવામાં આવી અને શા માટે હત્યા કરાય તે સ્પષ્ટ થયું ન હતું. દરમિયાન પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે આધેડ વારંવાર તેના ભત્રીજાને જમીન વેચી નાંખવાની ધમકી આપી મનફાવે તેવું વર્તન કરતા હતાં. જેનાથી કંટાળીને આક્રોશમાં આવી ભત્રીજા ઘોહાભાઈ વાઘોશીએ તેમની ક્રૂરતાથી હત્યા કરી નાંખી હતી. પોલીસ આ મામલે આરોપીની તપાસ કરી હતી ત્યારે અમરેલી એલસીબીએ તેને પકડી પાડી સમગ્ર હત્યાનો ભેદ ઉકેલાયો હતો. આ મામલે કોઈ અન્ય આરોપીની સંડોવણી હતી કે કેમ તે દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતાં.

# પ્રસાદી સમજી અફીણ પી જતા વૃધ્ધનો ગયો જીવ

## હળવદના સરંભડાનીકરૂણ ઘટનાઃ અફીણના સેવાન બાદ તાવ ચડતાં તે ઉતારવા પાંચેક ગોળી એક સાથે પીધી ને તબિયત વધુ બગડીઃ રાજકોટમાં લીધા અંતિમ શ્વાસ

રાજકોટ, તા. ૩૦

એક વૃધ્ધ મંદિરે દર્શન કરવા ગયા ત્યારે તેમને કોઇએ પ્રસાદી છે કહીને અફીણ આપી દેતાં તેનું સેવન કરી લેતાં તબીયત બગડી હતી, તાવ ચડ્યો હતો. તાવ ઉતારવા આ વૃધ્ધ એક સાથે પાંચ છ તાવની ગોળી પી જતાં હાલત વધુ ખરાબ થઇ ગઇ હતી અને જીવ ગુમાવ્યો હતો.

આ કરૂણ ઘટનાની વિગતો પર નજર કરીએ તો હળદવના સરંભડા ગામે રહેતાં ભુપતભાઇ હમીભાઇ ઉધરેજા નામના પાંસઠ



વર્ષના વૃધ્ધે દસેક દિવસ પહેલા ગામના સરમરીયા દાદાના મંદિરે દર્શન કરવા ગયા હતાં. એ દરમિયાન મંદિર આસપાસ કોઇ તેમને મળી ગયું હતું અને પ્રસાદી છે તેમ કહી અફીણ આપતાં ભુપતભાઇ તે પી ગયા હતાં. આ પછી ઘરે આવ્યા બાદ તેમની તબીયત બગડી હતી અને તાવ ચડ્યો હતો.

ત્યારપછી તેમણે ઘરના લોકોની જાણ બહાર જ તાવની પાંચ-છ ગોળી એક સાથે પી લીધી હતી. આ કારણે તબિયત વધુ બગડતાં સારવાર માટે હળવદ, ત્યાંથી ચરાડવા હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.અહિ સવારે મૃત્યુ થતાં સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભા જોગડા, ધર્મેન્દ્રભાઇ હુદડ, પ્રકાશભાઇ રાઠોડ અને ધર્મેન્દ્રભાઇ ચાવડાએ હળવદ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર ભુપતભાઇ ઉધરેજા ચાર બહેન અને ત્રણ ભાઇમાં ત્રીજા હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પોતે ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. મોભી ગુમાવતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હળવદ પોલીસ વધુ તપાસ હાથ ધરી હતી.

### બે દિ' પહેલા અતિથી ચોકમાં બોલાચાલી થઇ તેનો ખાર રાખી ફરીથી બોલાવી ટોળકી તૂટી પડી

# સમાધાન કરી લે નહિતર મારી નાંખુ...યુવાનને લાફા-ધોકા-છરીના ઘા

## લક્ષ્મીનગરમાં થયો ડખ્ખોઃ બીજી ઘટનામાં ભગવતીમાં રિક્ષા પાર્કીંગ મામલે બે સગા ભાઇઓને કુટુંબીઓએ કર્યા છરીથી લોહીલુહાણ

રાજકોટ, તા. ૩૦

એક બીજા પર અલગ અલગ કારણોસર તૂટી પડવાની એકેય તક લોકો જતી કરતાં નથી. હાથમાં જે આવે તેનાથી ધમાલ મચવી દેતાં હોય છે. માથાકુટ મારામારીના કારણો અલગ અલગ હોય છે પણ સરવાળે ઘાયલોને હોસ્પિટલના ખાટલે પહોંચવાની નોબત આવતી હોય છે અને પોલીસને એફઆઇઆર નોંધવાની કાર્યવાહી માટે દોડાદોડી કરવી પડતી હોય છે. ડખ્ખાની વધુ બે ઘટના સામે આવી હતી. જેમાં એક યુવાનને જુની બોલાચાલીનું સમાધાન કરી લેવા બોલાવી ટોળકી રચી છ શખ્સોએ ધોકાથી ફટકારી છરીથી ઘાયલ કર્યો હતો. બીજા બનાવમાં શેરીમાં ઘર પાસે રિક્ષા પાર્ક કરવા મામલે બે સગા ભાઇઓ પર તેના જ સગા છરીથી તૂટી પડ્યા હતાં અને ઢીકાપાટુ પણ મારતાં બંનેને સારવાર માટે ખસેડાયા હતાં.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો નાના મવા રોડ રાજનગર ચોક પાસે દેવનગરમાં રહેતાં યુવાનને બે દિવસ પહેલા થયેલી બોલાચાલીનું સમાધાન કરવા બોલાવી પાંચ શખ્સોએ ટોળકી રચી ગાળો દઇ થપ્પડ મારી ધોકાથી હુમલો કરી છરીના ઘા ઝીંકી દેતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. નાના મવા રોડ દેવનગર-૧માં રહેતાં મહાવીર જીતેન્દ્રભાઇ રાઠોડ નામના બાવીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી સુનિલ નટુભાઇ સોલંકી, હિતેષ દિલીપભાઇ વોરા અને લાલુ તથા બે અજાણ્યા સામે ગુનો દાખલ કર્યો હતો. મહાવીર રાતે લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભા જોગડા, ધર્મેન્દ્રભાઇ હુદડ, પ્રકાશભાઇ રાઠોડ, ધર્મેન્દ્રભાઇ ચાવડાએ માલવીયાનગર પોલીસને જાણ કરી હતી.

હુમલામાં ઘાયલ મહાવીર છુટક મજૂરી કરી ગુજરાન ચલાવે છે. તેણે જણાવ્યું હતું કે મારા પિતા હયાત નથી. મારા માતા મોલમાં હાઉસકીપીંગ સ્ટાફમાં નોકરી કરે છે. બે દિવસ પહેલા અતિથી ચોકમાં હું ટી પોસ્ટ ખાતે બેઠો હતો ત્યારે સુનિલ સોલંકી કે જે અગાઉ અમારી શેરીમાં રહેતો હતો તેની સાથે બોલાચાલી થઇ હતી. દરમિયાન શુક્રવારે રાતે સવા નવેક વાગ્યે દિલીપ વોરાનો મને ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે બે દિવસ પહેલા થયેલી બોલાચાલીનું સમાધાન કરવાનું છે જેથી તું નાના મવા રોડ લક્ષ્મીનગર સામે નકળંગ હોટલે આવ. આ પછી હું રાતે દસેક વાગ્યે નકળંગ હોટલે જતાં ત્યાં સુનિલ, હિતેષ, લાલુ અને બે અજાણ્યા શખ્સો હાજર હતાં. સુનિલે મને સમાધાન કરી નાંખ નહિતર જાનથી મારી નાંખીશ તેમ કહી ધમકી





આપી ગાળો દેતાં મેં ગાળો દેવાની ના પાડી હતી.

આ દરમિયાન અજાણ્યાએ મને થપ્પડ મારી દીધી હતી. બાદમાં હિતેષે મારા માથાના વાળ પકડી મને ટુવ્હીલર પરથી નીચે ઉતારી લીધો હતો. અન્ય અજાણ્યાએ ધોકાથી હુમલો કરી હાથમાં ઘા ફટકારતાં પડી ગયો હતો. બાદમાં સુનિલે છરી કાઢી મને બે ઘા મારી દીધા હતાં. આ વખતે મારી સાથે મામાનો દિકરો પરિમલ અને મિત્રો સાહિલ, શીવલો પણ હોઇ મને છોડાવ્યો હતો અને બાઇકમાં બસાડી ઘર તરફ લઇ જઇ બાદમાં ૧૦૮ બોલાવી હોસ્પિટલે ખસેડ્યો હતો. જુની બોલાચાલીનું સમાધાન કરી લેવા બોલાવી ધમકી દઇ ગેરકાયદે મંડળી રચી સુનિલ સહિતે મારા પર હુમલો કર્યો હતો. તેમ વધુમાં મહાવીરે જણાવતાં એએસઆઇ એચ. ટી. પરમારે ફરિયાદ દાખલ કરી હતી.

બીજી ઘટના જોઇએ તો ભગવતીપરામાં રહેતાં અને જ્યુબીલી શાક માર્કેટમાં ફ્રુટનો ધંધો કરી ગુજરાન ચલાવતાં યુવાન પર તેના જ પડોશમાં રહેતાં કુટુંબી સગા એવા પડોશમાં રહેતાં પિતા-પુત્રએ છરીના ઘા ઝીંકી દેતાં અને તેનો ભાઇ વચ્ચે પડતાં તેને પણ ઇજા પહોંચાડતાં બંનેને હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ભગવતીપરા આશાબા પીરની દરગાહ પાસે શેરી નં. ૧માં રહેતાં ત્રેવીસ વર્ષના ભાવેશ સુરેશભાઇ ઉધરેજીયા અને તેના ભાઇ એકવસી વર્ષના નરેશ સુરેશભાઇ ઉધરેજીયા ઉપર રાતે તેના પડોશમાં જ રહેતાં કુટુંબી સગા કાળુભાઇ ઉધરેજીયા અને તેના દિકરા દેવગણ ઉધરેજીયાએ છરીથી હુમલો કરતાં બંનેને લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટમલાં ખસેડાયા હતાં.

હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઇ ડી. બી. ગાધેએ હોસ્પિટલે પહોંચી કાર્યવાહી કરી હતી. આ અંગે ભાવેશ ઉધરેજીયાની ફરિયાદ પરથી કાળુ અને તેના દિકરા દેવગણ વિરૂધ્ધ ગુનો નોંધાયો હતો. ભાવેશે જણાવ્યું હતું કે હું અને મારો ભાઇ નરેશ ફ્રુટનો વેપાર કરીએ છીએ. મારી પત્નિનું નામ હેતલ છે, મારે સંતાનમાં બે દિકરીઓ છે. શુક્રવારે રાતે અગીયારેક વાગ્યે હું તરણેતરના મેળામાંથી આવીને ઘરે સુઇ ગયો હતો. આ દરમિયાન પત્નિ હેતલે મને જગાડીને કહ્યું હતું કે બહાર નાના ભાઇ નરેશ સાથે રિક્ષા રાખવા બાબતે કાળુભાઇ અને તેનો દિકરો દેવગણ ઝઘડો કરે છે, તમે જલ્દી બહાર જાવ.

આથી હું જાગીને બહાર જતાં મારા ભાઇ સાથે માથાકુટ થઇ રહી હતી તેને કાળુભાઇ અને દેવગણ ગાળો દઇ રહ્યા હતાં. આથી હું ઝઘડો શાંત પાડવા વચ્ચે પડતાં કાળુએ મને પકડી લીધો હતો અને દેવગણે તેના નેફામાંથી છરી કાઢી મને પીઠના ભાગે ઘા મારી દેતાં હું નીચે પડી ગયો હતો. આ પછી પણ મને ઢીકાપાટુનો બેફામ માર માર્યો હતો. બાદમાં મારો ભાઇ નરેશને પણ આ લોકોએ મુંઢ માર માર્યો હતો. દકોરો થતાં મારા પિત્રાઇ ભાઇઓ સાગર, આશીક આવી જતાં કાળુભાઇ અને દેવગણ ભાગી ગયા હતાં. અમને બંને ભાઇને હોસ્પિટલમાં રિક્ષા મારફત ખસેડ્યા હતાં. મારો ભાઇ નરેશ ઘર પાસે રિક્ષા પાર્ક કરતો હોઇ તેને કાળુભાઇ અને દેવગણે રિક્ષા રાખવાની ના પાડી ગાળો ભાંડતાં હું વચ્ચે પડતાં આ હુમલો થયો હતો તેમ વધુમાં ઇજાગ્રસ્ત ભાવેશે કહેતાં પોલીસે તેની કેફીયત પરથી એફઆઇઆર દાખલ કરી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી.

અંગત અદાવતમાં કાળઝાળ માણસ કઇ હદ સુધી જાય તેનો દાખલો આપતી કોઠારીયા સોલવન્ટની ઘટના

# ઘરોમાં તોડફોડ કરી ટોળકીએ કૂતરીને મારી નાંખી!

## જેની સાથે ડખ્ખો ચાલતો હતો એ સંજય ન મળતાં તેના ઘરમાં તોડફોડ કરી, પછી તેના મામાના દિકરાને ત્યાં ધમાલ મચાવી અને પાળતુ શ્વાન ટીનુનં ધોકાવાળી કરી મોતને ઘાટ ઉતારી : આજીડેમ પોલીસે દાખલ કરી એફઆઇઆર

રાજકોટ, તા. ૩૦

નાની મોટી વાતે કે નહિ જેવી બાબતે કાળઝાળ બની જતો કાળા માથાનો માનવી ઘણીવાર ક્રોધીત થઇ કઇ હદ સુધી ક્રુરતા આચરી લેતો હોય છે તેનો દાખલો આપતી વધુ એક ઘટના રાજકોટ શહેરમાં બની છે. જેમાં કોઠારીયા સોલવન્ટ નારાયણનગરમાં રહેતાં છ શખ્સોએ પોતાને આ વિસ્તારના પોતાના જ સગા એવા યુવાન સાથે જુનુ મનદુઃખ ચાલતું હોઇ આ યુવાનના ઘરે જઇ તોડફોડ કરી હતી, પછી બીજા સગાને ત્યાં પણ આ રીતે બારી દરવાજા તોડી નાંખ્યા હતાં. ટોળકીને જેની સાથે માથાકુટ હતી બે મામા-ફઇના બે ભાઇઓ ઘરે ન હોઇ બીજા પર દાઝ ઉતારી હતી. તેમાં એક ઘરે પાળેલુ શ્વાન એવી ટીનુ નામની કુતરી ફળીયામાં બેઠી હોઇ તેને ધોકા મારી આ ટોળકીએ મોતને ઘાટ ઉતારી દીધી હતી.






ચકચાર જગાવતી આ ઘટના પર નજર કરીએ તો સૌ પહેલા ટોળકી નારાયણનગરમાં રહેતાં સંજયના ઘરે પહોંચી હતી અને ક્યાં છે સંજય? આજે તો મારી જ નાખવો છે કહી બૂમ બરાડા પાડી ઘરના બારી દરવાજામાં ધોકાથી તોડફોડ કરી હતી. બાદમાં નજીકમાં રહેતાં સંજયના મામાના દિકરા અમિતના ઘરે જઇ ક્યાં છે અમિત? એ સંજય સાથે ફરે છે એટલે એને પણ મારી નાંખવો છે કહી આ મકાનમાં પણ તોડફોડ કરી હતી અને આ પરિવારની પાળતું કુતરી ટીનુને ધોકાના ઘા મારી પતાવી દીધી હતી. આ ઘટના બારામાં આજીડેમ પોલીસે કોઠારીયા સોલવન્ટ રેલ્વે સ્ટેશન પાછળ નારાયણનગરમાં રહેતાં પચ્ચીસ વર્ષના જયશ્રીબેન બચુભાઇ ચૌહાણ-કોળીની ફરિયાદ પરથી અનિલ સંઘાણી, અક્ષય સંઘાણી, હિતેષ ઉર્ફ ઘઉં મકવાણા, સંજય ઉર્ફ માઇકલ, અજય સોલંકી અનએફઆઇઆર દાખલ કરી હતી.

સમગ્ર ઘટનાની વિગતો આપતાં જયશ્રીબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહું છું અને ઘરકામ કરી ઘરમાં મદદરૂપ થાવ છુ. પચ્ચીસમની રાત્રીના આશરે બારેક વાગ્યાની આસપાસ હું તથા મારા માતા મુક્તાબેન તથા મારા મોટા બહેન રંજનબેન અમારા ઘરે હતા ત્યારે અમારી આગળની શેરીમાં રહેતા અમારા અમારા દુરના સગા અનીલ સંઘાણી તથા તેનો ભાઈ અક્ષય સંઘાણી તથા હિતેશ ઉર્ફે ઘંઉ મકવાણા તથા અનીલનો મિત્ર સંજય ઉર્ફે માઇકલ અમારા ઘરની બહાર શેરીમા આવી 'સંજય ક્યાં છે આજે તો તેને મારી નાખવો છે તેમ કહી ગાળો બોલતા હતાં.

આ દેકારા થતાં હોઇ આથી અમો બહાર ગયેલ અને તેઓને 'સંજય અમારી સાથે રહેતો નથી તે તેના ઘરે હશે' તેમ કહેતા આ લોકો ઉશ્કેરાઇ ગયેલ અને અમને જેમફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતાં. આ ચારેયના હાથમા લાકડાના ધોકા હતા જેનાથી તેઓ અમારા ઘરના દરવાજા પર તથા બારી પર આડેધડ ઘા ફટકારી તોડફોડ ચાલુ કરી હતી અને થોડીવાર પછી સુરેશ સંઘાણી તથા અજય સોલંકી પણ ત્યાં આવી ગયેલ અને તેઓ પણ મને કહેવા લાગેલ કે 'તારો ભાઈ સંજય ક્યાં છે આજે તો તેને મારી જ નાખવો છે' તેમ કહી ગાળો બોલવા લાગેલ. જેથી અમો અમારા ઘરની અંદર જઈ દરવાજો બંધ કરી દીધેલ . આ પછી પણ આ લોકો બહાર જોર જોરથી ગાળો બોલી ઘરના દરવાજા તથા બારીઓ પર લાકડીઓના ધોકા મારી તોડફોડ કરતાં હતાં અને બાદમાં જતાં રહ્યા હતાં. થોડીવાર પછી મારા મામાના દિકરા અમીતભાઈના પત્નિ હેમાંશીબેન અમારા ઘરે આવ્યા હતાં.

તેણીએ અમોને કહેલ કે અનીલ સંઘાણી, તેનો ભાઈ અક્ષય, હિતેશ ઉર્ફે ઘંઉ તથા અનીલનો મિત્ર સંજય ઉર્ફે માઇકલ અમારા ઘરે પણ આવ્યા હતા અને કહેલ કે 'તારો ઘરવાળો અમીત ક્યાં છે તે સંજય સાથે ફરે છે તેને પણ મારવો છે' તેમ કહી ગાળો બોલી અમારા ફળીયામા રહેલ અમારી પાળતું કુતરી કે જેનું નામ ટીનુ પાડ્યું હતું તેને લાકડાના ધોકા વડે મારવા લાગતાં જેથી હું ડરી જતા ભાગીને અહી આવતી રહી છું. આ પછી અમે હેમાંશીબેનના ઘરે જઈ જોતા ઘરના દરવાજા તથા બારીઓ તોડી નાખેલ હતી અને કુતરી (ટીનુ) મરી ગયેલ હતી જેથી અમો ખુબ જ ડરી ગયેલ હતા અને આ કુતરી (ટીનુ) ની અમોએ અમારી રીતે દફન કરી હતી. દરમિયાન મારા ભાઈ રવિ ચૌહાણ જે ઉજ્જૈન ગયેલ હોઇ તે તથા મારો બીજો ભાઈ સંજય આવી જતા તેઓને ઘટનાની જાણ કરતાં અમે ફરિયાદ નોંધાવી હતી.

આ ઘટના અંગે જયશ્રીબેને વધુમાં જણાવ્યું હતું કે આ બનાવનું કારણ એ છે કે મારા ભાઈ સંજય સાથે આ લોકોને અગાઉ ઝઘડો થયો હતો. જેનો ખાર રાખી મારા ઘરે આવી મારા ભાઇ સંજયને કહી ધમકી આપી અમારા ઘરના દરવાજા તથા બારીઓ તોડી નાખી નુકશાન કરી તેમજ અમારા સગા હેમાંશીબેનના ઘરે જઈ તેઓના ઘરના દરવાજા તથા બારીઓ તોડી નાખી નુકશાન કરી તેમજ તેઓની પાળતુ કુતરી ટીનુને ધોકા વતી માર મારી મારી નાખી હતી. તોડફોડને કારણે બંને મકાનમાં ૨૫ હજારનું નુકસાન થયું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એ. બી. જાડેજાના માર્ગદર્શનમાં હેડકોન્સ. એ. જે. રાણાએ ગુનો નોંધી આરોપીઓને શોધી કાઢવા તજવીજ હાથ ધરી હતી. છ શખ્સોએ પોતાના અંગત ડખ્ખા, અદાવતની દાઝ માસુમ નિર્દોષ અબોલ જીવ એવા શ્વાન પર ઉતારી તેને મોતને ઘાટ ઉતારી દેતાં આ ટોળકી પર જીવદયા પ્રેમીઓ ફીટકાર વરસાવી રહ્યા છે. આ ઘટનાથી શહેરમાં પણ ચકચાર મચી ગઇ છે.

ગમે તેનું કરી જ નાંખવુ છે એવા ગઠીયાઓને સરળતાથી શિકાર પણ મળી જાય છે!

# જમીન, નોકરી, રોકાણમાં નફાના નામે અઢી કરોડનું ફ્રોડ

## રોજબરોજ એક જ પ્રકારના ફ્રોડની ફરિયાદ નોંધી રાબેતા મુજબ પોલીસની કાર્યવાહીઃ છેતરાયેલાઓને જવલ્લેજ પરત મળતી હોય છે ગુમાવેલી રકમ

રાજકોટ, તા. ૩૦

સસ્તામાં જમીન અપાવવાના બહાને તેમજ નોકરી અપાવી રોકાણ કરી વધુ નફો અપાવવાના બહાને અઢી કરોડની ઠગાઇ કરવામાં આવતાં ચકચાર મચી ગઇ છે. આ કિસ્સામાં ભોગ બનનારાઓએ પોલીસને જાણ કરતાં તપાસનો ધમધમાટ શરૂ થયો છે. આવ તારુ કરી નાંખુ એવી વાત મગજમાં લઇને ફરતાં ગઠીયાઓ ગમે તેના ગરીયા કરી નાખતા હોય છે. આવા એકાદ બે નહિ અનેક કિસ્સાઓ રોજબરોજ સામે આવતા રહે છે. પોલીસ રાબેતા મુજબ એફઆઇઆર દાખલ કરી તપાસ કરતી રહે છે. મસમોટા ફ્રોડમાં સામાન્ય રીતે નાણા ગુમાવનારને આ રકમ પાછી મળે તો લોટરી લાગ્યા જેવી ખુશી મળતી હોય છે. બહુ જુજ કિસ્સામાં જ ફ્રોડમાં ગયેલી પુરેપુરી રકમ પાછી આવતી હોય છે.

અઢી કરોડના ફ્રોડની વિગતો પર નજર કરીએ તો દિનપ્રતિદિન લોકો સાથે ઓનલાઇન અને લોકોને વિશ્વાસમાં લઈને લાલચ આપી પૈસા પડાવી છેતરપિંડી કરવાના કિસ્સાઓ વધી રહ્યા છે. અમદાવાદમાં નોકરી અપાવવાના બહાને, જમીન અપાવવાના અને રોકાણ કરીને પૈસા કમાવી આપવા વગેરે બહાના હેઠળ છેતરપિંડી કરવામાં આવી છે. આ મામલે ભોગ બનનાર દ્વારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે આ મામલે હાલ ગુના નોંધીને તપાસ શરૂ કરી છે. અમદાવાદ શહેરના સાયન્સ સિટી રોડ પર રહેતા અને પ્લાયવુડ તેમજ કલરનો વેપાર કરતાં કલ્પેશભાઈ પટેલે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે નાના ચિલોડા વિસ્તારમાં રહેતા મૌલિક પ્રજાપતિ અને ચાંદલોડિયા વિસ્તારમાં રહેતા અનીશ હિરાણી નામના વ્યક્તિએ તેઓને રાણીપ વિસ્તારમાં આવેલી જૂની શરતની જમીન છે જે જમીનના બાનાખત ખેડૂતો પાસે કરાવેલા છે.




પરંતુ આ જમીન તેઓને ખરીદવી નથી જેથી તેમના મિત્ર અતુલ પરીખ જેઓ જમીનના બાબતનું કામ કરે છે તેઓ સરકારમાંથી ફાઇનલ પ્લોટ નંબર અપાવી દેશે તેવી લાલચ આપી. જેથી કલ્પેશભાઈએ તેમના મિત્ર ડો. ભાર્ગવ સાથે મળીને આ જમીન ખરીદવા માટે તૈયારી દર્શાવવી હતી. જેમાં નવો ફાઈનલ પ્લોટ નંબર મેળવવા માટે અઢી કરોડ રૂપિયા ફી અને મૌલિક પ્રજાપતિને ૪૧ લાખ આપવા પડશે તેમ કહ્યું હતું. અતુલ અને મૌલિકે ટુકડે ટુકડે તેમની પાસેથી પૈસા લીધાં હતા બાદમાં ખેડૂતો પાસે રજીસ્ટર બાનાખત કરાવ્યો હતો. નવો ફાઈનલ પ્લોટ અપાવવા માટેનો ભરોસો અતુલ અને મૌલિકે આપ્યો હતો. બાદમાં શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ અંગે નો સેક્શન અધિકારીનો લેટર પણ બતાવ્યો હતો એમાં ફાઇનલ પ્લોટ ૬૬ ટીપી ૩૮માંથી ૨,૦૦૦ ચોરસ મીટરનો પ્લોટ આપવા લેખ કર્યો હતો.

તેમજ શહેરી વિકાસ ગૃહ નિર્માણના બનાવટી લેટર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચીફ ટાઉન પ્લાનર ઓફિસરને સંબોધીને લખીને પ્લોટ અલગ કરી આપેલો છે. જેનો નકશો પણ મળી જશે આવા બનાવટી લેટરો બતાવી અને ખેડૂતની અવેજ રકમ સાથે કરોડો રૂપિયા ચૂકવી આપ્યા હતા. બાદમાં જગ્યાનું પઝેશન આપવાનું કહેતા અલગ અલગ બહાના બતાવ્યા હતા. જ્યારે કલ્પેશભાઈએ તપાસ કરી તો જે જગ્યાનો પ્લોટ ફાળવવામાં આવ્યો હતો તે સરકારી નીકળ્યો. બનાવટી લેટરો અને ફાઇનલ પ્લોટ અપાવવાના બહાને ખર્ચ પેટે અતુલ પરીખે ૨.૧૦ કરોડ, મૌલિક પટેલે ૪૧ લાખ રૂપિયા એમ કુલ ૨.૫૧ કરોડ રૂપિયા લઈ લીધા હતા અને છેતરપિંડી કરતા સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઇ છે.

શહેરના થલતેજ વિસ્તારમાં મણિકમલ સોસાયટીમાં રહેતા અને કાલુપુરમાં કાપડનો વેપાર કરતાં સુનિલ પટેલે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે પ્રકાશભાઈ અને સુનિલભાઈ ગુરબાની નામના વ્યકિત તેઓના પરિચયમાં આવ્યા હતા. તેઓ એગ્રીકલ્ચર અને એક્સપોર્ટનો ધંધો કરે છે. જો તમે કોઈ ચોક્કસ રકમ અમારા ધંધામાં રોકાણ કરશો તો તમને નફો આપી અને પરત કરીશું તેમ કહીને વિશ્વાસમાં લીધા હતા. બાદમાં બંને આપેલા બેન્ક એકાઉન્ટમાં સુનિલ પટેલે અલગ અલગ સમયે દોઢ કરોડથી વધારેની રકમ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી હતી. બાદમાં પ્રકાશભાઈએ ફોન કરી અને તમે બીજા એક કરોડ રૂપિયા આપો તો તમારી રકમ અઢી કરોડ રૂપિયાની રકમ રોકાણ રૂપે થઈ જાય અને તમને પાંચ કરોડ રૂપિયા પરત આપીશ. જેથી સુનિલ પટેલે કહ્યુ હતું કે મેં જે રોકાણ કર્યું તેમાંથી તમે મને એક પણ પૈસા પાછા આપ્યા નથી. હવે મારે કોઈ રોકાણ કરવું નથી. રોકાણ કરવાની ના પાડતા -કાશભાઈએ ૨૫ લાખ રૂપિયા પરત આપ્યા હતા પરંતુ બાદમાં એક કરોડની વધારે માંગણી કરતા ના પાડી હતી. જેથી તેઓ આ મામલે કોઈ પણ -કાર ના રોકાણ બાદ નફો નહીં આપી અને ૧.૩૪ કરોડ રૂપિયા પડાવી લઈ છેતરપિંડી કરતા વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

અન્ય કિસ્સામાં નરોડા વિસ્તારમાં મામા કલ્યાણ ચોક પાસે આવેલી અંજના પાર્ક સોસાયટીમાં રહેતા અને ગાંધીનગર ખાતે નોકરી કરનારા કૃણાલ પટેલે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે ગત માર્ચ મહિનામાં તેના મિત્ર ભાવિન પટેલ અને પોતે શિવાલય કન્સલ્ટન્સી નામના વ્હોટ્સએપ ગ્રુપમાં નોકરી મેળવવા માટે એડ થયા હતા. તેના મિત્ર ભાવિન પટેલે બંનેના બાયોડેટા ગ્રુપમાં આપેલા નંબર ઉપર મોકલી આપેલા હતા. ત્યારબાદ કૃણાલ પટેલને ફોન કરી વિશ્વાસમાં લઈ કહ્યુ હતું કે તમને નોકરી અપાવી દઈશું તમારે એક મહિનાનો પગાર આપવો પડશે. મિત્ર ભાવિન પટેલને એક વર્ષ પહેલાં નોકરી અપાવી હતી જેથી વિશ્વાસમાં આવી ગયા હતા.

ત્યારબાદ ફોન પર વાત કરનાર વ્યક્તિ સાથે એક મહિનાના સેલેરીનું અડધું પેમેન્ટ પહેલા અને અડધું પેમેન્ટ નોકરી પછી આપવાનું નક્કી થયું હતું. કૃણાલ પટેલ અને ભાવિન પટેલ બંનેના કુલ ૩૭,૫૦૦ સામેવાળી વ્યક્તિના ખાતામાં ઓનલાઈન મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ એક મહિનામાં નોકરીનું થઈ જશે એવું કહ્યુ હતું. અવારનવાર ફોન ઉપર વાત કરતા બહાના બતાવતા હતા. આ ઉપરાંત ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. પૈસા પરત આવશે તેમ કહી રાહ જોઈ હતી પરંતુ પૈસા પરત ન આપતા અને નોકરી ન અપાવતા આ મામલે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી. પોલીસે આ અંગે તપાસ શરૂ કરી હતી.

ગઠીયાઓ ઘા કરી જાય તો સમજ્યા પણ અહિ તો ભેરૂએ જ ભોળવી લીધો

# દગાખોર દોસ્ત લાખો રૂપિયા ખાઇ જતાં યુવાને પીધું ફિનાઈલ

રાજકોટ, તા. ૩૦

ઠગાઇના બનાવોમાં રોજબરોજ લોકો શિકાર બનતા રહે છે. વધુ આવી બે ઘટના સામે આવી છે. ગઠીયાઓ ગરીયા ફેરવી જાય એ તો સમજ્યા પણ અહિ તો એક ભેરૂબંધ જ ભોળવી ગયો હતો અને દગાખોરી કરી ગયો હતો. લાખો રૂપિયા મિત્ર ખાઇ જતાં યુવાનને આપઘાતનો પ્રયાસ કરવોનો વખત આવ્યો હતો. બીજી ઘટનામાં ચીટરોએ સોનાના દાગીના મંગાવ્યા બાદ નાણા ન મોકલી વેપારીને નેવુ લાખનો ચૂનો લગાવી દીધો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવ અમરેલીનો છે. અમરેલીમાં છવ્વીસવર્ષિય યુવકે મિત્રને દવાનો વેપાર કરવા આપેલા રૂપિયા પંદર લાખ એંસી હજાર પરત ન આપતા યુવકે ફોરવર્ડના ગેઈટ પાસે જઈને રાતે ફીનાઈલ ગટગટાવી લીધી હતી. તેમજ મિત્રના પિતાએ પૈસાની ઉઘરાણી કરીશ તો પોલીસમાં પકડાવી દેવાની ધમકી આપતા યુવકે આત્મ હત્યાનો -યાસ કર્યો હતો. સમગ્ર મામલો સીટી પોલીસ મથકે પહોંચ્યો હતો. અમરેલીમાં દેના બેંક સોસાયટી ગોપી ટોકીઝ પાછલ રહેતા છવ્વીસ વર્ષિય મોહિતસિંહ રાજેન્દ્રસિંહ બસનએ જાણવા જોગમાં પોલીસને જણાવ્યું હતુ કે આઠેક મહિના પહેલા અમરેલીમાં તેના મિત્ર નિર્મળ પરસોત્તમભાઈ રામાણીને -ેસ્ટીસાઈઝની દવાની કંપની છે . તેની સાથે દવાનો વેપારમાં પાર્ટનરશીપ પેટે રૂપિયા ૧૫,૮૦,૦૦૦ આપ્યા હતા. તેમજ નિર્મળે તેને જણાવ્યું હતું કે દવાનું ચાલુ કરેલ છે અને ત્યાર પછી આ નિર્મળે કોઈ દવામાં પૈસા રોક્યા ન હતા.

નિર્મળને પૈસા પાસા આપવાનું કહેતા કોઈ જવાબ આપતો ન હતો. આ ઉપરાંત નિર્મળના પિતાએ મોહિતસિંહ બસનને પૈસાની ઉઘરાણી કરીશ તો પોલીસમાં પકડાવી દઈશની ધમકી આપી હતી. જેના કારણે મોહિતસિંહ બસનને મનમાં લાગી આવ્યું હતું. દરમિયાન રાત્રે સાડા દસ વાગ્યે અમરેલીના ફોરવર્ડ સ્કૂલના પાછળના ગેઈટ પાસે જઈ ફિનાઈલ ગટગટાવી લીધી હતી. આ અંગે અમરેલી સીટી પોલીસ મથકમાં જાણ કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ એમ.વી.મકવાણા વધુ તપાસ ચલાવી રહ્યા છે.



**બીજી ઘટનામાં દાગીના મંગાવ્યા બાદ ચીટરોએ લગાવી દીધો નેવુ લાખનો ચૂનો**

બીજી ઠગાઈની ઘટના સુરતમાં સામે આવી છે. સૈયદપુરાના જવેલર્સ સાથે કોલકાતા અને દિલ્હીના વકીલ સહિતની ટોળકીએ ઘરેણા મંગાવી ૯૦ લાખની છેતરપિંડી કરી હતી. અડાજણના સજય પટેલ સૈયદપુરાની શ્રી આર્કેડમાં ભાગીદારીમાં 'દિવાસ જ્વેલ્સ'નામે શોરૂમ ધરાવે છે. સંજય પટેલે ફરિયાદમાં જણાવ્યા અનુસાર, માર્ચ ૨૦૨૫ના રોજ તેમના માર્કેટિંગ મેનેજર કિશોર ધાનાણીને કોલ કરી પોતાની ઓળખ સુરજભાન સિંહ અને કોલકાતાના 'શ્રી શ્યામ જ્વેલર્સ'ના માલિક તરીકે આપી તેમજ વિવિધ શહેરોમાં એક્ઝિબિશનનમાં મળ્યાનું કહી નામે વિશ્વાસ કેળવ્યો હતો. તેણે કુલ ૧૮.૯૬ લાખની જ્વેલરી મંગાવી ૪.૫૦ લાખ ચૂકવ્યા હતા.

ત્યારબાદ સંજય પટેલે સુરજભાનના કહેવા પ્રમાણે મનીશ રાઠોડને ૫૬.૧૨ લાખના ઘરેણા મોકલ્યા હતા. પેમેન્ટ ન આવતા સંજય પટેલ ભાગીદાર સાથે દિલ્હી જઇને તપાસ કરતા મહાદેવ જવેલર્સ નામની કોઇ દુકાન જ ન હતી. સંજય પટેલે છટકું ગોઠવીને જય માતાદી લોજિસ્ટિકમાં ડમી પાર્સલ મોકલીને૨૦ લાખના ઘરેણાંનું કહી દિલ્હીની લોજિસ્ટિક ઓફિસ પર વોચ રાખી હતી. આ પાર્સલ છોડાવવા માટે અમન નામનો વ્યક્તિ રૂ.૨૦ લાખ લઇને આવ્યો હતો, ત્યારે જ ત્યાં ઉજ્જવલ પુરીએ આવી પોતાને વકીલ ઓળખ આપી ૨૦ લાખ પરત લઇ લીધા હતા.

બાદમાં વધુ રૂ.૫૭ હજાર પડાવી લીધા હતા. જ્વેલરી કે પૈસા પણ પરત નહીં અપાવતા સંજય પટેલે લાલગેટ પોલીસમાં કોલકત્તાના સુરજભાન સિંહ, દિલ્હીના મનીશ રાઠોર, દિલ્હીના અમન અને દિલ્હીના એડવોકેટ ઉજ્જવલ પુરી વિરૂધ્ધ નેવુ લાખની છેતરપીંડીની ફરિયાદ દાખલ કરાવી હતી.

લોક રોષ : મહાનગરપાલિકાનું અણઘડ આયોજન વિકાસને રૂંધે છે

# વાહ મનપા : ૨૦ યોજનાઓ પૈકી ૨ યોજના જ શરૂ

## બજેટમાં લેવામાં આવેલી અનેકવિધ મહત્વની યોજનાઓ વહીવટી પ્રક્રિયામાં હોવાનું અધિકારીઓનું રટણ : છ યોજના તો હજુ મંજૂરીની પ્રક્રિયામાં

રાજકોટ, તા. ૩૦

મહાનગરપાલિકા દ્વારા બજેટ માજે યોજનાઓની જોગવાઈ કરવામાં આવી છે તે અંગે હાલ સમીક્ષા હાથ ધરવામાં આવી હતી કારણ કે મહાનગરપાલિકાની કામગીરી ને લઈ ઘણા ખરા પ્રશ્નો ઉઠી રહ્યા છે ત્યારે છ માસ જેટલો મતદાર સમય વીતી ગયો છે ત્યારે હજુ કેટલી કામગીરી અને યોજનાઓ અમલી બનાવવામાં આવી છે તે અંગે ચર્ચા વિચારણા મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી હતી અને ગઈકાલે યોજાયેલી બેઠકમાં ફરી વખત મહાનગરપાલિકાનો ફજેતો થયો હતો માત્ર મંજૂરીની પ્રક્રિયામાં તથા એસ્ટીમેટની પ્રક્રિયામાં યોજનાઓ હોવાની માહિતીઓ મળી હતી ત્યારે પદાધિકારી દ્વારા માત્ર અધિકારીઓની વાતો સાંભળી કામગીરીને ઝડપથી આગળ વધારવા માટેનો આદેશ કરવામાં આવ્યો. આતો છેલ્લા લાંબા સમયથી થતું આવ્યું છે ત્યારે હવે યોગ્ય કામોનું આયોજન કરવા માટે શું પગલાં લેવા તે જાણવું અત્યંત જરૂરી છે.



છ મહિના જેટલો માર્ગ સમય વીતી ગયો અને આ વર્ષના અંતે મહાનગરપાલિકાની પણ ચૂંટણીઓ આવી જશે જેથી વધુ વધુ કામો ને મંજૂર કરવા અને તેને શરૂ કરી દેવા માટે હાલ તંત્ર દ્વારા લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે પરંતુ મહાનગરપાલિકાની જે કામગીરી છે તેને ધ્યાને લેવામાં આવે તો એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે આ વખતે બજેટમાં લેવામાં આવેલા મહત્તમ કામો માત્ર ચાલુ તબક્કામાં જ જોવા મળશે નહીં કે કોઈ યોગ્ય નિવેડો આવશે. હાલ જે વિગતો સામે આવી તેમાં બજેટમાં સત્તાધીશ પક્ષ દ્વારા જે ૨૦ યોજનાઓ મૂકવામાં આવી હતી તેમાંથી બે યોજનાઓ જ શરૂ થઈ ચૂકી છે બાકીની યોજના હાલ વહીવટી પ્રક્રિયામાં હોવાનું જાણવા મળ્યું ત્યારે ઘણી ખરી મહત્વની યોજનાઓ માત્ર ફાઈલમાં જ જોવા મળે છે જેની અમલવારી કદાચ કરવી હવે તંત્ર માટે પણ અશક્ય છે.

જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર માત્ર કાગળ પરની કામગીરી કરવામાં રાજકોટ મહાનગરપાલિકા નો હોય તોડ નથી કારણકે તેમના દ્વારા જે પણ કામગીરી સુનિશ્ચિત કરવામાં આવતી હોય તે માત્ર નામની જ હોય છે ખરા અર્થમાં તો તે કરવામાં વર્ષો વીતી જાય છે. બજેટની વાત કરવામાં આવે તો કુલ ૨૦ યોજનાઓ આ વખતે ઉમેરવામાં આવી હતી જે માટે વધારાના ૫૫ કરોડ ની જોગવાઈ કરવામાં આવી હતી. સાથોસાથ નવા પ્રવેશ દ્વાર ને લઇ હજુ પણ એસટીમેટ બની રહ્યા હોવાનું મનાઈ રહ્યું છે લાખાજીરાજ શાકમાર્કેટ હોય કે પછી હોકર્સ ઝોન હોય આ તમામ યોજનાઓ માટે હાલ એસ્ટીમેન્ટ બનાવવામાં આવી રહ્યું છે ત્યારે લોકોના જણાવ્યા અનુસાર હવે આ કામગીરી ખરા અર્થમાં ક્યારે શરૂ થશે તે પણ સૌથી મોટો પ્રશ્ન છે. મહાનગરપાલિકાની ચૂંટણીમાં આચાર સહિતા લાગ્યા બાદ કોઈ નવા કામ શરૂ થઈ શકે નહીં ત્યારે જૂના કામો ને વેગ મળે અને આ વખતે બજેટમાં લેવાયેલા જે નવા કામો છે તે શરૂ થાય તે ખૂબ જરૂરી છે.

આ વખતના બજેટમાં સ્કાય વોક ને લઈને પણ દરખાસ્ત કરવામાં આવી હતી અને જેને મંજૂરી મળી છે પરંતુ તે કામગીરી હજુ પણ ફાઈલમાં જ બંધ છે. રેસકોસ ક્રિકેટ સ્ટેડિયમ ને વાણિજ્ય પ્રવૃત્તિ માટે ઉપયોગમાં લેવા વાતો કરી હતી પરંતુ હજુ પણ તે ગ્રાઉન્ડનું કામ પૂર્ણ થયું નથી અટલ સરોવરની દુકાનો ભાડે આપવા હોર્ડિંગ બોર્ડથી આવક ઊભી કરવા તથા અન્ય કામો હજુ માત્ર ફાઈલમાં જ જોવા મળ્યા છે અને તેની અમલવારી પણ કરવામાં આવી નથી. ત્યારે મહાનગરપાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર ખરા અર્થમાં આજે કામગીરી થઈ રહી છે તે માત્ર આંબા આમલી દેખાડવા પૂરતી જ સીમિત હોય તો પણ નવાઈ નહીં.

મહાનગરપાલિકાની કામગીરીને લઈને અનેકવિધ પ્રશ્નો તો ઊભા થઈ રહ્યા છે પરંતુ સામે સત્તાધીશોની સાથે અધિકારીઓ વચ્ચે જે તાલમેલ અને સમન્વય હોવો જોઈએ તે પણ જોવા મળતો નથી આને લઇ હજુ પણ ઘણા ખરા પ્રશ્નો ભવિષ્યમાં ઊભા થાય તેવું ચિત્ર ઊભું થઈ રહ્યું છે બીજી તરફ સત્તાધીશો નો અધિકારીઓ પરનો કાબુ પણ ન હોવાને વાત સામે આવી છે. ત્યારે ગઈકાલે સ્ટેન્ડિંગ ચેરમેનના વડપણ હેઠળ ખાસ બેઠક બોલાવવામાં આવી હતી જેમાં નાયબ કમિશનરની સાથો સાથ ભા એન્જિનિયર સહિતના અધિકારીઓ પણ જોડાયા હતા અને બજેટમાં સૂચવેલા કામો ક્યાં તબક્કે છે તે અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

ચોક આવનારી વાત તો એ છે કે મહત્તમ અને જે નવી યોજનાઓ બજેટમાં લેવામાં આવી હતી તેમાં સ્કાય વોક ફૂટ બ્રિજ હાલ મંજૂરીની પ્રક્રિયામાં છે જ્યારે ઓક્સિજન પાર્ક, બે નવી શાક માર્કેટ, પશુ દવાખાનુ, લોક વિજ્ઞાન કેન્દ્રનું રીનોવેશન સહિતના કામો હાલ મંજૂરી હેઠળ છે જ્યારે નવા પ્રવેશદ્વારોની સાથો સાથ લાખાજીરાજ માર્કેટમાં હોકર્સ ઝોન માધાપરમાં નવું દવાખાનું બોલબાલા માર્ગે લગ્ન હોલ હાલ એસ્ટીમેટની પ્રક્રિયામાં છે.




# પોલીસ મંજૂરી વગર જ શરૂ થયું KKV બ્રિજ નીચેનું ગેમ ઝોન

## સિટી ઈજનેર કહે છે કે આ સ્પોર્ટ્સ ફેસીલીટી છે જેથી કોઈ મંજૂરી લેવામાં આવે નહીં : વિવાદિત ગેમઝોન મુદ્દે ફરી વખત મનપા ભીસમાં

રાજકોટ, તા. ૩

ટીઆરપી અગ્નિકાંડ બાદ તમામ ગેમ ઝોન ને બંધ કરી દેવામાં આવ્યા હતા અને ત્યારબાદ સરકારની જાહેર કરેલી માર્ગદર્શિકા ને ધ્યાને લઈને જ સમગ્ર ગેમ ઝોન ને ખુલ્લા કરવા માટેનો આદેશ કરવામાં આવ્યો હતો ત્યારે ફરી એક વખત મહાનગરપાલિકા ની નિંભર નીતિના કારણે ગણિત હેરાન ગતિ નો સામનો લોકોએ કરવો પડ્યો છે તેમાં પણ ચોકાવનારી વાત તો એ સામે આવી કે હજુ મલ્ટી લેવલ બ્રિજ કે જે કેકેવી ચોક પાસે આવેલો છે તેના નીચે જે ગેમ્ઝોન શરૂ કરવામાં આવ્યું તેની હજી પોલીસે મંજૂરી પણ આપી નથી. કયા કારણોસર મહાનગરપાલિકા દ્વારા તેને શરૂ કરી દેવામાં આવ્યું તેને લઈ હવે સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો છે.

હાલ જે ગેમ ઝોન શરૂ કરવામાં આવ્યો તેના નિયમોનો સંપૂર્ણપણે ભંગ થયો છે પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર હજુ આ ગેમ ઝોન માટેની જે અરજી મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી તે પણ પેન્ડિંગ છે ત્યારે તંત્રની ઘોર બેદરકારીનું ભોગ લોકો શું કામ બને તે પણ સૌથી મોટો પ્રશ્ન છે. કાલાવડ રોડ પર જે મલ્ટી લેવલ બ્રિજ બનાવવામાં આવ્યો તેની નીચે જ ખાસ ગેમ ઝોન બનાવવામાં આવ્યું છે આને લઇ અગાઉ પણ ભારે હોબાળો મચ્યો હતો પરંતુ એમ કેન પ્રકારે તંત્ર દ્વારા તેને શરૂ કરવા માટેની નેમ લીધી હોય તે રીતે આયોજન કરવામાં આવ્યું મુખ્યમંત્રીના રાજકોટ પ્રવાસ દરમિયાન પણ આ ગેમઝોનને ખુલ્લો મુકવાની વાત કરવામાં આવી હતી પરંતુ તે પણ થઈ શક્યું ન હતું ત્યારે લાંબો સમય વીતી ગયા બાદ મહાનગરપાલિકા દ્વારા ગેમઝોનને ખુલુ મૂકી દેવા હતા હવે પ્રશ્ન ઉભો થયો છે કે પોલીસે તો આ અંગે હજુ પણ કોઈ સર્ટિફિકેટ આપ્યું નથી ત્યારે ભગવાન ન કરે કોઈ દુર્ઘટના ઘટે તો તેની જવાબદારી કોણ સ્વીકારશે તે સૌથી મોટો પ્રશ્ન છે.

રાજકોટમાં જે અગ્નિકાંડ ની દુર્ઘટના થઈ તેનાથી હજુ પણ તંત્ર કોઈ શીખ લીધી ન હોય તેવું જોવા મળ્યું છે અને ફરી એક વખત ગેમ ઝોનને પોલીસની મંજૂરી વગર જ શરૂ કરી દેવામાં આવ્યું છે જેને લઇ તંત્ર દ્વારા નિયમોનો ઉલાળીયો કરવામાં આવતો હોય અને નિયમોને લઇ આ ખાડા કાન કરાતા હોય તેવું ચિત્ર ઉભું થયું. પોલીસના ટોચના અધિકારીઓના જણાવ્યા અનુસાર હાલ આ ગેમ ઝોન માટે મહાનગરપાલિકા દ્વારા જે અરજી કરવામાં આવી હતી તે હજુ પ્રક્રિયામાં હોવાનું માલુમ પડ્યું છે ત્યારે ત્યારે કેવી રીતે મહાનગરપાલિકાએ આ ગેમ ઝોન શરૂ કરી દીધું તે પણ સૌથી મોટો પ્રશ્ન છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર મહાનગરપાલિકા હર હંમેશ એ વાત ઉપર તો અડગ જ રહેતું હોય છે આ પ્રકારની કોઈ પણ ઘટના થાય ત્યારે ખુદ મહાનગરપાલિકા પોતાનો લૂલો બચાવ કરવામાં લાગી જાય છે હાલ જે ગેમ્સોને લઈને પ્રશ્ન ઉભો થયો છે તેના બચાવમાં હવે સીટી એન્જિનિયર પશ્ચિમ કુંતેશ મહેતાએ એવું કહ્યું કે આ સ્પોર્ટ ફેસિલિટી છે ગેમઝોન નથી જેથી પોલીસની મંજૂરી જરૂર ન હોય જો ખરા અર્થમાં તેમની વાત સાચી તો અરજી શું કામ કરી મંજૂરી માટે જે પોલીસમાં અરજી કરવામાં આવી છે તેની પાછળનું શું કારણ તે અંગે હજુ પણ તંત્રએ મૌન સેવિયું છે. પશ્ચિમ ઝોનના ભા એન્જિનિયર ના જણાવ્યા અનુસાર ઓપનમાં સ્પોર્ટ સ્પેસીલીટી હોય તો પોલીસ મંજૂરીની પ્રક્રિયાની કોઈ જરૂર રહેતી નથી તેવું જણાવ્યું હતું હાલ આ સમગ્ર ગેમઝોન નું સંચાલન હર્ષ પુજારા કે જે રાહ સ્કેટિંગ એકેડેમી ચલાવે છે તેમને સોંપવામાં આવ્યું છે ત્યારે સ્પોર્ટ સ્પેસીલીટી શરૂ કરવા માટે પોલીસમાં કોઈ મંજૂરી પ્રક્રિયા કરવામાં આવી નથી તેવું સીટી ઇજનેરે જણાવ્યું હતું.

# શાંત રાજકોટને અશાંતિની આગમાં હોમવાનો ભાજપનો પ્રયાસ : રાજદીપસિંહ

## ભાજપના સાંસદ, ધારાસભ્યો અને આગેવાનો કોંગ્રેસ કાર્યાલય આવે તો સુતરની આંટી થી સ્વાગત કરવાની તૈયારી કરી હતી






રાજકોટ, તા. ૩૦

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડો. રાજદીપસિંહજી જાડેજાએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય અને સંસદ સભ્ય કોર્પોરેટરો, પૂર્વ કોર્પોરેટરો સહિતના ૧૦૦ થી વધુ આગેવાનો અને કાર્યકર્તાઓ ગઈકાલથી સવાર થી કોંગ્રેસ કાર્યાલય ખાતે આવવાના હોવાના પગલે કોંગ્રેસ કાર્યાલય ખાતે મહોબત કી દુકાનની જેમ સુતરની આંટી થી સ્વાગત કરવાનું મન મનાવી લીધું હતું. ગાંધીજીના સિદ્ધાંતોને વરેલી કોંગ્રેસ કોઈ ઘર્ષણમાં ઉતરવા માગતી નહોતી પરંતુ ભાજપના કેટલાક કાર્યકરો દ્વારા શહેરમાં રાહુલ ગાંધીના પૂતળા દહન કર્યા બાદ જાગનાથ ૪૧ ખાતે રેસકોર્સ સામે જિલ્લા પંચાયત ચોક થી કિસાનપરા ચોક થઈ કોંગ્રેસ કાર્યાલય તરફ ટોળા સાથે ઘસી ગયા હતા અને દૂર ઊભા રહી રાહુલ ગાંધી વિરુદ્ધ માં સૂત્રોચાર કરતા ની સાથે શહેર કોંગ્રેસ કાર્યાલયે થી બહાર નીકળી રોડ પર ઉપસ્થિત ગજાઈ અને યુથ કોંગ્રેસના આગેવાનો સાથે ચકમક જરી હતી અને ઘર્ષણ થાય તે પહેલા પોલીસના સવારથી રહેલા ચુસ્ત બંદોબસ્ત ને પગલે ભાજપના આગેવાનોની અટકાયત કરી લેવામાં આવી હતી પરત ફરવું પડ્યું હતું અને કોંગ્રેસ કાર્યાલય ખાતે દેખાવો કરવાની મેલી મુરાદ સફળ થઈ ન હતી.

આમ તો રાજકોટ શહેર એ શાંત અને રંગીલુ શહેર છે. પરંતુ રાજકોટમાં શાસકોના ઈશારે ગાંધીનગરમાં બેઠેલા રાજકીય ગોડ ફાધરોના આશીર્વાદ થી લુખ્ખાગીરી અને ગુંડાગીરી બેકાબુ બની છે. શાંત રાજકોટ અશાંતિની આગમાં હોમાઈ જાય એ પ્રકારે કોંગ્રેસ કાર્યાલય ખાતે આવી કોંગ્રેસના કાર્યકર્તાઓને ઉશ્કેરી દેખાવો કરી આ પ્રકારના ખોટા નાટકો ભાજપ બંધ કરે અને ભ્રષ્ટાચાર અને રસ્તા પરના ખાડા અંગે દેખાવો કરે તે વ્યાજબી અને ઉચિત છે. ભાજપના દેખાડવાના અને ચાવવાના જુદા છે સોનિયા ગાંધી અને નહેરુજી અંગે બેફામ આક્ષેપબાજી અને નિવેદનો ભાજપના જ મોટા નેતાઓ ની બોલતી બંધ થઈ ગઈ છે ત્યારે વોટ ચોર માં પ્રજાનું ધ્યાન અન્ય જગ્યાએ ભટકાવવા ખોટા તોફાન કરાવી કોંગ્રેસ પર આક્ષેપો કરાવી મતદારોને ગુમરાહ કરવાનું કામ ભાજપ હાલ કરી રહી છે ત્યારે આગામી રાજકોટ મહાનગરપાલિકા અને વિધાનસભામાં ખોટા નામ મુદ્દે કોંગ્રેસ જ્યારે ડોર ટુ ડોર સર્વે કરવાની હોય ત્યારે ભાજપના કેટલાક નેતાઓના પેટમાં તેલ રેડાતા આ રીતે નાટકો ચાલુ કરી દેવામાં આવ્યા છે.

દામ્પત્ય જીવનમાં કજીયા કલેશ અને બેવફાઈની એન્ટ્રી થાય એટલે કહાનીમાં આવે કરૂણ ટ્વીસ્ટ

# યુવાનને પત્નિના પ્રેમીએ ક્રુરતાપૂર્વક પતાવી દીધો

## બીજી ઘટનામાં નિંદ્રાધીન પત્નિની કલેશને કારણે હત્યા કરનારા પતિને પોલીસે ઝડપી લીધો : હત્યાના એક ગુનામાં ત્રેવીસ વર્ષથી ફરાર આરોપીને પાંચ હજાર કિ.મી.ની રઝળપાટ બાદ શોધી કઢાયો

રાજકોટ તા. ૩૦

નાની મોટી વાતે લોથ ઢાળી દેવાની બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ બે હત્યા થઇ છે. જેમાં એક કિસ્સામાં પતિએ પારીવારીક ઝઘડામાં કુહાડાનો એક જ ઘા ઝીંકી પત્નિને પરલોક પહોંચાડી દીધી હતી. તો બીજા બનાવમાં એક એક યુવાનને તેની પત્નિના પ્રેમીએ મોતને ઘાટ ઉતારી દીધો હતો. પોલીસે હત્યારાને પકડી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો પત્નિની બેવફાઇ પતિની હત્યાનું કારણ બની હતી. દામ્પત્ય જીવનમાં આ પ્રકારની બેવફાઇના અનેક કિસ્સાઓમાં પરીણામ ચોંકાવનારા સામે આવી ચુક્યા છે. આવા કિસ્સાઓમાં હત્યા કે આત્મહત્યાની ઘટનાઓ બનતી રહે છે. સુરત કામરેજના જોખા વિસ્તારના ઇન્દિરા નગરમાં એક પતિની હત્યાનો બનાવ સામે આવ્યો છે. અરવિંદભાઈ રાઠોડની પત્ની જમનબેન અને ભાથીજી મંદિર ફળિયાના રહેવાસી અતિક વસાવા વચ્ચે પ્રેમ સંબંધ હતો.

દરમિયાન રાત્રે નવ વાગ્યાની આસપાસ અતિક, જેલાભાઈ ભીમાભાઈના મકાનના ધાબા પર જમનબેનને મળવા ગયો હતો. આ વખતે અરવિંદભાઈએ બંનેને સાથે જોયા. તેમણે અતિકને ઠપકો આપ્યો. આ બાબતે બંને વચ્ચે ઝપાઝપી થઈ.ઝઘડા દરમિયાન અતિકે અરવિંદભાઈનું માથું ધાબાની દિવાલ સાથે પછાડ્યું. ગંભીર ઈજાઓને કારણે અરવિંદભાઈનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. મૃતકના ભાઈ ગુણવંતભાઈ રાઠોડની ફરિયાદના આધારે કામરેજ પોલીસે આરોપી અતિક વસાવાની ધરપકડ કરી છે.

બીજી ઘટના જોઇએ તો વડોદરાના



વરણામા પોલીસ મથકની હદમાં આવેલા સમસાબાદ ગામે ઘરેલું તકરારમાં પતિએ પત્નિને માથામાં કુહાડી મારતાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. વરણામા પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યો હતો.

વધુમ માહિતી અનુસાર વડોદરા તાલુકાના સમસાબાદ ગામે પટેલ ફળિયામાં રોહિત પાટણવાડીયા પોતાની સાડત્રીસ વર્ષની પત્નિ લક્ષ્મીબેન સાથે રહેતા હતા. બંને વચ્ચે છેલ્લા કેટલાક સમયથી પારિવારિક ઝઘડો ચાલી રહ્યો હતો. આ બાબતે રોહિત પોતાના ઘરે હતો તે દરિમયાન ફરી તકરાર થઈ હતી. જે દરમિયાન ઉશ્કેરાયેલા રોહિતે ઘરમાં પડેલી કુહાડી લક્ષ્મીબેનને મારી દેતા બૂમાબૂમ થઈ ગઈ હતી.

હત્યાના આ બનાવ બાબતે વરણામા પોલીસ મથકના પોલીસ ઇન્સ. શૈલેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, વડોદરા તાલુકાના સમસાબાદ ગામે રહેતા પતિ-પત્નિ વચ્ચે પારિવારિક મુદ્દે તકરાર થઈ હતી. જેમાં ઉશ્કેરાયેલા પતિએ કુહાડી વડે હત્યા કરી હતી. આ બનાવમાં પત્નીનું મોત થયું છે અને પતિને ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કુહાડી માથામાં મરતા લોહીથી લથબથ પત્નિને પહેલા આસપાસના લોકો પોર ખાતેની હોસ્પિટલમાં લઈ ગયા હતા. તે પછી તેને વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન મહિલાનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે વર્ણવો પોલીસે હત્યાનો ગુનો નોધી આરોપી પતિને ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

અન્ય એક કિસ્સામાં હત્યાના ગુનામાં સતત ત્રેવીસ વર્ષથી ફરાર આરોપીને પોલીસે પાંચ હજાર કિલોમીટરની રઝળપાટ કરી દબોચી લીધો હતો. પંદર વર્ષનો હતો ત્યારે આ શખ્સે હત્યા કરી હતી હવે તે પકડાયો ત્યારે આડત્રીસ વર્ષનો છે. વડોદરાના છાણી જકાતનાકા વિસ્તારની રોયલ રોઝરી નર્સરીમાં ડિસેમ્બર-૨૦૦૨માં રમણભાઇ બારીયાની ફૂલ-છોડના વકરાના રૃપિયા લૂંટી લેવાના ઈરાદે ત્રણ બંગાળી કારીગરોએ હાથપગ બાંધીને ગળે ફાંસો આપી દીધો હતો. હત્યારાઓમાં સુનિલ નામનો ૧૫ વર્ષનો હત્યારો પણ સામેલ હતો.જે હત્યારો બાંગ્લાદેશની બોર્ડર પાસેના માલદા ગામના વતનમાં પહોંચી ગયો હતો.ત્યારબાદ પોલીસ તેને શોધતી હતી પરંતુ કોઇ પત્તો લાગતો નહતો.વળી આરોપીનું લોકેશન પણ કર્ણાટક તેમજ અન્ય રાજ્યોમાં બદલાતું રહેતું હતું.

છાણીના પોલીસ ઇન્સ્પેક્ટર આર એલ પ્રજાપતિએ એક ટીમને બાંગ્લાદેશની બોર્ડર પર રવાના કરી હતી.આ ટીમે આરોપીની પત્નીનો સંપર્ક કર્યો હતો અને લેબર કોન્ટ્રાક્ટર તરીકે વાત કરી હતી. ત્યારબાદ આરોપી નોઇડામાં વાહનો ધોવાનું કામ કરતો હોવાની માહિતી મળતાં પોલીસ નોઇડા પહોંચી હતી અને તેનો સંપર્ક કરી દબોચી લીધો હતો.૧૫ વર્ષની વયે હત્યા કરનાર આરોપી પકડાયો ત્યારે તેની ઉંમર ૩૮ વર્ષની હતી અને બે સંતાનનો પિતા પણ થઇ ગયો હતો.